Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી પ્રચાર અને બંધારણ

હિન્દી પ્રચાર અને બંધારણ

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या... ६३७७ / ५५

पञ्जिका संख्या..... ३०२५४

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૮૬

હિંદી પ્રચાર અને બંધારણ

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫ ૩૭
૫૫
૨૭૮૫૮

ભગનભાઈ પ્રભુદાસ દેસાઈ

श्री स्वामी आनन्द मुक्तिः
पुस्तक सं०.....
आगत सं०.....
तिथि०.....
गुरुकुल ग्रन्थालय ढाँगडी.

પ્રકાશક તરફથી બેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

આઠ આના
૫૦ નયા પૈસા

મે, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સ્વરાજ આવ્યા પછી હિંદી પ્રચારના કામ અંગે એક મોટી વાત જન્મી તે હિંદી પ્રચાર-સંસ્થાઓને અને તેની પરીક્ષાઓને સરકારે માન્યતા આપવાની જરૂર જાગી એ છે. આ જરૂરનાં મૂળ સમજવા જેવાં છે.

આંતરભાષા હિંદી તથા દેશની બીજી બધી રાષ્ટ્રીય ભાષાઓને રાષ્ટ્રના વ્યવહારમાં ચાલુ કરવી અને એ રીતે અંગ્રેજીને દૂર કરવું, એ સરકારનું કામ અને ફરજ બન્યાં. તે અર્થે સ્વભાષાઓની ઉન્નતિ અને આંતરભાષા હિંદીનો પ્રચાર કરવાં, એ તેનો કાર્યક્રમ થયો. તે અર્થે કામ ઉપાડવાની જરૂર બે રીતે જાગી — ૧. સરકારી નોકરોએ હિંદી ભાષા શીખવી જોઈએ; ૨. શિક્ષણ ખાતાના શિક્ષકોએ તે શીખવી જોઈએ, જેથી તેઓ વિદ્યાર્થીઓને શીખવી શકે. એટલે તેઓ તાત્કાલિક અને તાત્પૂરતી કઈ હિંદી પરીક્ષા પાસ કરે? — એ સરકારે વિચારી લેવું જોઈએ.

આ અંગે અનેક જાતના પ્રશ્નો પુછાયા કરાય છે અને સરકારે કમિટીઓ પણ બેસાડી છે. એમાંથી એની જાહેર ચર્ચા કરવાનું ઊભું થયું અને તે માટે એક લેખમાળા થોડા માસ ઉપર 'નવજીવન'માં શરૂ કરી હતી, તે હવે પૂરી થઈ છે. હિંદી પ્રચારમાં કામ કરતા કેટલાક સાથી મિત્રોને એ ગમી અને તે જો પુસ્તકરૂપે બહાર પડે તો સારું, એમ લાગ્યું. આ પુસ્તિકા તે ઉપરથી બહાર પડે છે.

સદરહુ લેખમાળા સાથે બીજું આનુષંગી કેટલુંક લેવા જેવું લાગ્યું તે એના પરિશિષ્ટ રૂપે આપ્યું છે. એમ આ ચોપડી તૈયાર થઈ અને બહાર પડે છે. પુસ્તકના આદિવચન તરીકે ગાંધીજીનો એક લેખ ખૂબ યોગ્ય લાગ્યો, તે મૂકયો છે.

હિંદી પ્રચાર પરત્વે આપણું રાજ્યબંધારણ અમુક ચોકસ આદેશ આપે છે તેમ જ બીજી ભાષાઓ વિષે પણ છે. આ વિષે તે શું કહે છે, એ સમજવાને માટે આ ચોપડી ઉપયોગી સાહિત્ય થઈ શકશે. તેથી કરીને, દેશની આંતર-ભાષા તરીકે હિંદી ભણનાર વર્ગને પણ એ મદદરૂપ નીવડશે. આમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પણ સમજી શકશે કે, હિંદી પ્રચાર શું કામ એક મહત્ત્વની નવ-રચનાત્મક પ્રવૃત્તિ આજે પણ છે, અને તેમાં કયા પાયાના સિદ્ધાંતો રહેલા છે.

છતાં, દુઃખની વાત એ છે કે, દેશની નવરચનાને માટે યોજનાઓ વિચારનારાઓએ આ વસ્તુને હજી પકડી નથી. જેમ કે, બીજી પંચવર્ષીય યોજના જોઈશું તો તેમાં બંધારણે ફરમાવેલી ભાષાકીય વ્યવસ્થા રચવા શી યોજના છે, એ વિષે ખંડ તે યોજનાના ગ્રંથમાં તમને નહીં મળે! રચનાત્મક કાર્યકર્તાઓએ આને અર્થે હજી વધારે કામ (અથવા ધર્મની પરિભાષા વાપરું તો) તપ કરવું જોઈશે. આ ચોપડી તે બાબતનો મુદ્દો સ્પષ્ટ કરવામાં પોતાનો ફાળો આપશે એ આશાથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. સાથી મિત્રો તથા વાચકો એ મુદ્દા અંગે વિશેષ નિરૂપણ કરવા જેવું માને, તો તે જણાવવા વિનંતી છે. આ પ્રશ્ન પરત્વે આ ચોપડી જો વિચાર પ્રેરે તો તે એ પૂરતી કૃતકૃત્ય થશે.

૧૩–૫–'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવધાન !

[ઑગસ્ટ, ૧૯૪૭માં સ્વતંત્ર સ્વરાજ-સરકારો કામ કરતી થઈ, ત્યાર પછી બીજે મહિને તેમને સાવધાન કરવાને ગાંધીજીએ એક લેખ લખ્યો હતો. તેમાં તેમણે સરકારોને ભાષા-વિષયક ક્રાંતિ કરવાનો માર્ગ દોરી આપવાની સાથે, ખબરદારી પણ આપેલી કે, જો સંભાળશો નહીં તો અંગ્રેજી જ પેસી જશે અને હિંદની આઝાદીને નામોશી લાગશે. આ ભીતિ એમણે અકારણ બતાવી નહોતી, તે આજે ચોક્કસ જણાય છે. તેમણે તેમાં સરકારોનો — એટલે કે, તેના પ્રધાનો અને મંત્રીઓ તથા નોકરશાહીનો વાંક બતાવ્યો હતો, તે આજે સાફ જોઈ શકાય છે. રાષ્ટ્રપિતાની આ સાવધાની આજે પણ કીમતી હોઈ, આ ચોપડીના આદિવચન તરીકે ઉતારી છે. — મ૦]

સરકારો અને તેમનાં સેક્રેટેરિયેટો કે સચિવાલયો જો સંભાળ નહીં રાખે, તો અંગ્રેજી ભાષા હિંદુસ્તાનીનું સ્થાન બથાવી પાડશે. હિંદના કરોડો લોકને એથી વારાવાર નુકસાન થશે, કેમ કે તેઓ અંગ્રેજી કદી સમજી શકવાના નથી. પ્રાંતિક સરકારો એવા માણસો જરૂર પોતાની નોકરીમાં સહેલાઈથી રોકી શકે, કે જેઓ રાજ્યનું બધું વહીવટી કામકાજ પ્રદેશભાષાઓમાં અને તથા દેશની આંતરભાષામાં (કે જે, મારા મતથી, નાગરી કે ઉર્દૂ લિપિમાં લખાતી હિંદુસ્તાની જ હોઈ શકે છે,) ચલાવી શકે.

આ જરૂરી ફેરફાર કરવામાં જેટલા દિવસની ઢીલ થાય છે, તેટલું આપણા રાષ્ટ્રને સાંસ્કૃતિક નુકસાન જ થાય છે. સૌથી પહેલવહેલું તો એ કરવાનું છે કે, હિંદને જે સમૃદ્ધ પ્રદેશભાષાઓની કુદરતી બક્ષિસ મળેલી છે, તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછી વ્યવહારમાં આણવી જોઈએ. અહીંયાં એવી દલીલ કરવી કે, આપણી અદાલતોમાં, આપણી શાળાઓમાં અને સરકારી સચિવાલયોમાં પણ આવો ફેરફાર કરવાને સારુ થોડો સમય — કદાચ થોડાંક વરસ લાગશે, તો તેમાં નર્યા માનસિક આળસ સિવાય બીજું કાંઈ નથી. ભાષાના પાયા પર રાજ્યોની પુનર્રચના થાય નહીં ત્યાં સુધી, અલબત્ત, મદ્રાસ, મુંબઈ જેવા બહુભાષી પ્રદેશમાં થોડી મુશ્કેલી લાગશે. છતાં એવા પ્રાંતોની પ્રજાને પણ લાગે કે, આપણને મળવું જોઈએ તે મળ્યું છે, એવું સમાધાન આપવાને માટે પ્રાંતિક સરકારો કોઈ ને કોઈ રીત જરૂર યોજી શકે. તથા દેશની આંતરભાષા નાગરી કે ઉર્દૂમાં લખાતી હિંદુસ્તાની થશે કે કેવળ નાગરીમાં લખાતી હિંદી થશે, એ સવાલ સંઘ-સરકાર ઉકેલે ત્યાં સુધી પ્રાંતીય સરકારોએ રાહ જોવાનીય જરૂર નથી. ઉપરનો ઇષ્ટ ફેરફાર કરવામાં તેમણે રોકાઈ જવાની કશી જરૂર નથી. પેલો સવાલ તો તદ્દન બિનજરૂરી ઝઘડો છે; એને વિષે ભય તો એવો છે કે, એ વાટે અંગ્રેજી જ પાછું પેસી જાય કે જેનાથી તો હિંદને કાયમી નામોશી જ લાગે.

આ પરિવર્તનનું પહેલું પગલું એ છે કે, બધાં જાહેર ખાતાંમાં પ્રદેશભાષાઓનો ઉપયોગ જારી કરવો. એ પગલું જો તરત લેવાય, તો આપોઆપ એની કેડે તરતોતરત આંતરભાષાને જારી કરવાનું પગલું લેવાવાનું. પ્રાંતોએ કેન્દ્ર જોડે વહેવાર કરવાનો હશે. હવે જો કેન્દ્ર એટલું ડહાપણ દાખવે અને તરત દેખાય એવી જે હકીકત છે તે જોઈ લે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, બોબા જેટલા થોડાક હિંદીઓ, કે જેઓ એવા આળસુ છે કે, દેશના કોઈ પક્ષ કે કોઈ ભાગને દૂભવ્યા વિના આખા દેશની એક સર્વસામાન્ય આંતરભાષા બની શકે એવી જે ભાષા છે, તે તેઓ શીખી લે નહીં, — એવા ચપટીક હિંદીઓને સારુ આખા રાષ્ટ્રની ઉપર સાંસ્કૃતિક રીતે બોટો બોજો નાંખવો ન જોઈએ; — આમ જો કેન્દ્ર સમજી લે તો, પ્રાંતો તેની જોડે અંગ્રેજીમાં વહેવાર કરવા હિંમત નહીં કરે.

મારે જે કહેવું છે તે એટલું જ કે, જેમ આપણું રાજ્ય પચાવી પાડનાર અંગ્રેજોના રાજ્યને સફળતાથી આપણે કાઢ્યું તેવી જ રીતે, આપણા સાંસ્કૃતિક સ્વરાજને પચાવી પાડનારી અંગ્રેજી ભાષાને પણ કાઢો. જગતના વેપાર તથા રાજ્યનીતિની આંતરરાષ્ટ્રીય ભાષા તરીકેનું અંગ્રેજી ભાષાનું કુદરતી સ્થાન જે છે, તે તો સમૃદ્ધ એવી એ ભાષાનું હમેશ રહેશે.

નવી દિલ્હી, ૧૧-૯-૧૯૪૭ **મો૦ ક૦ ગાંધી**
(અંગ્રેજી હરિજન તા. ૨૧-૯-'૪૭ માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
	સાવધાન ! ગાંધીજી	૫
૧.	હિંદીની પરીક્ષાની સરકારી માન્યતા	૩
૨.	હિંદી પ્રચારના મુખ્ય સિદ્ધાંતો	૮
૩.	બંધારણનો ભાષાવિષયક નિર્ણય	૧૦
૪.	બંધારણ અને હિંદી સાહિત્ય સંમેલન	૧૪
૫.	હિંદી — પ્રાદેશિક અને રાષ્ટ્રીય	૧૮
૬.	રાષ્ટ્રીય કેળવણીમાં હિંદી અને અંગ્રેજીનું સ્થાન	૨૨
૭.	હિંદી કે અંગ્રેજી ?	૨૮
૮.	ભૂલ ભરેલો વિચાર	૩૧

પરિશિષ્ટ

૧.	વડી સરકારની હિંદી પરીક્ષા માન્યતા સમિતિ	૩૩
૨.	રાજભાષા વિષે બંધારણનું પ્રકરણ	૩૪
૩.	હિંદુસ્તાની પ્રચાર સભાનો ઠરાવ	૩૯
૪.	ગુજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચારક સંમેલન—	
	પહેલા અધિવેશનના ઠરાવો	૪૦
	બીજા અધિવેશનના ઠરાવો	૪૩
૫.	સુમેળ ન સધાય ?	૪૬
૬.	મુંબઈ સરકારની હિંદી શિક્ષણ સમિતિનો રિપોર્ટ	૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી પ્રચાર અને બંધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

હિંદીની પરીક્ષાઓની સરકારી માન્યતા

સરકારી નોકરોને માટે હિન્દી ભાષાની કઈ પરીક્ષા માન્ય કરવી, એ સવાલ વડી સરકારમાં ઊભો થયો છે. મુંબઈ રાજ્યે તે સવાલનો નિકાલ થોડાં વરસ ઉપર આપેલો કે, હિન્દી સાહિત્ય સંમેલનની વર્ધા સમિતિની પરીક્ષાઓ માન્ય રાખી નહીં શકાય. આની સામે તે સંમેલનના સંચાલકો હોય એ ઉઘાડું છે. તેઓએ આ પ્રશ્નનો ઉકેલ આણવા દિલ્હીની વડી સરકારનો આશરો લીધો લાગે છે, અને ઉપરથી દબાણ પેદા કરવાની તજવીજ થઈ છે.

ફરીથી સવાલ પેદા થયો છે, તે આ રીતે વડી સરકાર તરફથી જાગ્યો છે. અને તે અંગે તેના શિક્ષણખાતાએ એક સમિતિ નીમી તેને આ માન્યતાનો સવાલ પૂછ્યો હતો. આ સમિતિ ભાગ્યે એનો ચોખ્ખો જવાબ આપી શકે, કેમ કે એમાં સવાલ ઉત્તર હિંદની એક પ્રાદેશિક સાહિત્ય-સંસ્થાના કામની આલોચના કરવાનું કઠણ કામ રહેલું છે. અને જે રીતે આજે ઉત્તર હિંદનો રાજદ્વારી દૃષ્ટિએ જાગ્રત વર્ગ વર્તે છે તે જોતાં, તેની પ્રદેશભાષાને લગતા આ સવાલમાં સ્પષ્ટતા આણવાનું કામ કપરું થઈ પડ્યું છે.* અસ્તુ.

મુંબઈ રાજ્યે આ જાતના દબાણને વશ થઈને રસ્તો કાઢ્યો કે, તેણે પોતાના નોકરોને માટે પોતાની અલગ નવી પરીક્ષાઓ ઊભી કરી, તેને ચલાવવાને માટે એક ખાસ બોર્ડ નીમ્યું. તે બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે. વચગાળામાં, હિંદી વિનીત, કાબિલ ઇ૦ માન્ય પરીક્ષાઓની મંજૂરી ચાલુ રાખી છે.

હવે વિચાર એ કરવાનો છે કે, આ પ્રશ્નમાં અખિલ ભારતીય દૃષ્ટિએ શું કરવું ઘટે છે, તે સમજવું જોઈએ. હિન્દી સાહિત્ય સંમેલનની પરીક્ષા-ઓને માન્યતા આપી શકાય ખરી?

---

*આ સમિતિએ હવે તેનો રિપોર્ટ આપી દીધો છે. તે વિષે પરિશિષ્ટ ૧ તરીકે મૂકેલી નોંધ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ઉપરના પ્રશ્નનો વિચાર બે તબક્કે કરવાની જરૂર છે :

૧. સ્વતંત્ર બંધારણ અમલમાં આવતા પૂર્વનો ગાળો;

૨. ત્યાર બાદ ૧૯૫૦ થી શરૂ થયેલો નવો યુગ.

૧૯૫૦ પૂર્વેના ગાળામાં હિંદી પ્રચાર અંગેની મુખ્યમાં મુખ્ય ઘટનાઓ બેચારેક છે. પ્રથમ એ કે, ગાંધીજીએ ઈ. સ. ૧૯૩૬ માં હિંદી સાહિત્ય સંમેલનની અંતર્ગત એક સમિતિ નીમી, જેની કચેરી વર્ધામાં રખાઈ, તે પરથી તે ટૂંકમાં 'વર્ધા સમિતિ' કહેવાય છે. આનો ઉદ્દેશ એ હતો કે, ઉત્તર હિંદના અહિંદી પ્રાંતોમાં રાષ્ટ્રભાષા હિંદી કે હિંદુસ્તાનીનો પ્રચાર કરવો. શ્રી કાકાસાહેબ કાલેલકરને આ સમિતિનું સંચાલનકાર્ય સોંપવામાં આવ્યું હતું.

મહત્ત્વની બીજી વસ્તુ એ હતી કે, આ હિંદી, કે જેનો પ્રચાર કરાશે, તેની વ્યાખ્યા ગાંધીજીએ સંમેલનમાં રજૂ કરી અને તે તેણે સ્વીકારી હતી.

ત્યાર બાદ ઈ. સ. ૧૯૩૭ માં દેશના ઘણા પ્રાંતોમાં કૉંગ્રેસ પ્રધાન-મંડળો રચાવાથી, હિંદી પ્રચારનું રચનાકામ જોરથી ચાલી શકયું. મુંબઈ રાજ્યમાં શ્રી કાકાસાહેબ કાલેલકરે તે ઉપાડયું. ગુજરાતમાં તેમણે અને શ્રી અમૃતલાલ નાણાવટીએ 'ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર'ના નામે સ્વતંત્ર સંસ્થા તરીકે કામ શરૂ કર્યું. તેની મારફતે વર્ધા સમિતિની પરીક્ષાઓ ગુજરાતમાં જારી થઈ.

૨

ઈ. સ. ૧૯૪૦ સુધીમાં કામ ચાલતાં, ઉપરની યોજનાના પાયામાં એક મૂળ દોષ હતો તે છતો થયો.

તે દોષ એ કે, હિંદી સાહિત્ય સંમેલને રાષ્ટ્રભાષાની ઈ. સ. ૧૯૩૬ થી સ્વીકારેલી વ્યાખ્યા બદલી અને તેના ૧૯૪૧ના અબોહર અધિવેશનમાં નીચે પ્રમાણે ઠરાવ કર્યો. તેનો આ ઠરાવ આજ સુધી કાયમ રહેલો છે. તે ઠરાવ મૂળ રૂપે જ નીચે ઉતાર્યો છે :—

"વાસ્તવમેં ઉર્દૂ ભી હિંદીસે ઉત્પન્ન અરબી–ફારસી મિશ્રિત એક રૂપ હૈ. 'હિંદી' શબ્દકે ભીતર, ઐતિહાસિક દૃષ્ટિસે, ઉર્દૂકા સમાવેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈ. કિંતુ ઉર્દૂકી સાહિત્યિક શૈલી, જો થોડેસે આદમિયોંમેં સીમિત હૈ, હિંદીસે ઇસ સમય ઇતની ભિન્ન હો ગઈ હૈ કિ, ઉસકી પૃથક્ સ્થિતિ સંમેલન સ્વીકાર કરતા હૈ ઔર હિંદીકી શૈલીસે ભિન્ન માનતા હૈ.

"'હિંદુસ્થાની' યા 'હિંદુસ્તાની' શબ્દકા પ્રયોગ મુખ્યતઃ ઇસ લિયે હુઆ કરતા હૈ કિ, વહ દેશી શબ્દ વ્યવહારસે પ્રભાવિત હિંદી શૈલી તથા અરબી શબ્દ વ્યવહારસે પ્રભાવિત ઉર્દૂ શૈલી દોનોંકા, એક શબ્દસે, એક સમયમેં નિર્દેશ કરે. દોંયેસમેં, હિંદુસ્તાની એકેડેમીમેં, ઔર કુછ ગવર્નમેન્ટ વિભાગોંમેં ઇસી અર્થમેં ઇસકા પ્રયોગ હુઆ હૈ ઔર હોતા હૈ. કુછ લોગ ઇસ શબ્દકા પ્રયોગ ઉસ પ્રકારકી ભાષાકે લિયે ભી કરતે હૈં જિસમેં હિંદી ઔર ઉર્દૂ શૈલિયોંકા મિશ્રણ હો.

"ઇસ પ્રકાર નિશ્ચિત અર્થમેં ઉર્દૂ ઔર હિંદુસ્તાની શબ્દોંકા પ્રચલન હૈ. ઇસ વિષયમેં સંમેલનકા કોઈ વિરોધ નહીં હૈ. કિંતુ સંમેલન સાહિત્યિક ઔર રાષ્ટ્રીય દોનોં દૃષ્ટિયોંસે અપને ઔર અપની સમિતિયોંકે કામમેં હિંદી શૈલીકા ઔર ઉસકે લિયે 'હિંદી' શબ્દકા હી વ્યવહાર ઔર પ્રચાર કરતા હૈ."

૩

સદરહુ ઠરાવથી બે ત્રણ વાત સ્પષ્ટ થઈ :— ૧. હિંદી સાહિત્ય સંમેલન અને તેની વર્ધા સમિતિ રાષ્ટ્રભાષા તરીકે હિંદી શૈલીને (ઉર્દૂ કે હિંદુસ્તાનીને નહીં) જ સ્વીકારે છે, ૨. અને દેશની આંતરભાષા તરીકે તેઓ તેનો જ પ્રચાર કરી શકે છે અને કરવા માગે છે.

મતલબ કે, ઈ. સ. ૧૯૧૮થી ગાંધીજીએ સૂચવેલી વ્યાખ્યાનો સ્વીકાર કરેલો, તેનો હિંદી સાહિત્ય સંમેલને વિધિસર ત્યાગ કર્યો અને સંસ્કૃતિયા હિંદીનો જ સ્વીકાર કર્યો. તે મુજબ વર્ધા સમિતિએ પોતાનું પ્રચારકામ કરવું જોઈએ, એમ તેને આદેશ આપ્યો. તે અનુસાર 'પરદેશી' મનાતા શબ્દો (જેવા કે,—ફકીર, વખત ઇ૦) કાઢવાની ચળવળ ૧૫૦ પી૦ માં ઊપડી. તેની અસર વર્ધા સમિતિના પ્રચારકાર્ય (એટલે કે તેની પરીક્ષાઓની નીતિ) ઉપર પણ ઊતર્યા વગર કેમ રહે? તેટલા સારુ તો હિંદી સા૦ સંમેલને આ સમિતિ પર પોતાનો કાનૂની અને વહેવારુ કબજો ચાલુ રાખ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

હિંદી સા૦ સંમેલનની સાથે આટલી સ્પષ્ટતા થવાની સાથે ગાંધીજીએ તેની સાથે ૧૯૧૮ થી બાંધેલો સંબંધ તોડ્યો અને રાષ્ટ્રભાષાના પ્રચારકામ અંગેનું પોતાનું આગળનું પગલું ભર્યું. તેમણે તે કામને માટે 'હિંદુસ્તાની પ્રચાર સભા' નામે નવી સંસ્થા ૧૯૪૨માં સ્થાપી. 'હિંદી' શબ્દનો હિંદી સા૦ સંમેલને સંકુચિત અર્થ કરી દીધો, તેથી તે શબ્દનો ત્યાગ કરી, રાષ્ટ્રભાષાને માટે તેમણે 'હિંદુસ્તાની' શબ્દ વાપરવાનું જણાવ્યું. અને તેની સ્પષ્ટ વ્યાખ્યા નીચે મુજબ આપી દેશનું કામ આગળ લીધું :—

> "હિંદુસ્તાની વહ ભાષા હૈ જો ઉત્તર હિંદુસ્તાનકે શહરોં ઔર ગાંવોંકે હિંદુ, મુસલમાન આદિ સબ લોગ બોલતે હૈં, સમઝતે હૈં, ઔર આપસકે કારબારમેં બરતતે હૈં ઔર જિસે નાગરી ઔર ફારસી દોનોં લિખાવટોંમેં લિખા ઔર પઢા જાતા હૈ ઔર જિસકે સાહિત્યિક (અદબી) રૂપ આજ હિંદી ઔર ઉર્દૂકે નામસે પહચાને જાતે હૈં."

૫

ઉપરની મોટી ક્રાંતિની અસર ગુજરાતના કામ ઉપર એ પડી કે, શ્રી કાકાસાહેબે પોતે સ્થાપેલી 'ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર' સંસ્થાનો વર્ધા સમિતિની પરીક્ષાઓ સાથેનો સંબંધ છોડી દીધો અને સ્વતંત્ર નવી પરીક્ષાઓ, ગૂજરાત વિદ્યાપીઠની મદદથી, શરૂ કરી.

બીજી તરફ એમ બન્યું કે, ગુજરાતના કેટલાક હિંદી પ્રચારકો કે જેઓ 'ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર' સંસ્થામાં કામ કરતા હતા, તે છૂટા પડ્યા અને તેમની મદદથી વર્ધા સમિતિએ ગુજરાતમાં પોતાની નવી એજન્સી કાઢી. શ્રી જેઠાલાલ જોશી તેના મંત્રી થયા. આ તંત્ર ૧૯૪૨ બાદ નવું શરૂ થયું, અને તે જે હોય તે આજ સુધી ચાલે છે. અહીંયાં સ્પષ્ટ કહેવાનું એ છે કે, તે તંત્ર ૧૯૩૬માં શ્રી કાકાસાહેબે શરૂ કરેલી સંસ્થા નથી. છતાં એવો ભ્રમ ચાલુ રખાયો છે, એ ખેદની વાત છે. શ્રી કાકાસાહેબે શરૂ કરેલી સંસ્થા ઈ. સ. ૧૯૪૬માં પોતાનું સમસ્ત કામકાજ ગૂજરાત વિદ્યાપીઠને સોંપી વિલીન થઈ. એમ ગૂજરાત વિદ્યાપીઠ વ્યવસ્થિત રીતે તેની સ્વતંત્ર હિંદી પરીક્ષાઓ લેવા લાગ્યું. તેણે હિંદુસ્તાની પ્રચાર-સભાની નીતિ સ્વીકારી અને હિંદી સાહિત્ય સંમેલન જોડેનો સંબંધ છોડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી તરફ ગુજરાતમાં વર્ધા સમિતિની શાખા પહેલવહેલી ચાલુ થઈ. તેણે ગાંધીજીનું નામ પણ વાપરીને તથા મુસ્લિમવિરોધી ભાવનાઓ પણ ઉશ્કેરીને કામ કરવા માંડયું. આ કાળ પાકિસ્તાન થવા વેળાનો હતો. તેમાં લોકલાગણી અને ગેરસમજ ઉશ્કેરીને આવું કોમવાદી વલણ ફાવે, એ ઉઘાડું છે. તથા હિંદી સાહિત્ય સંમેલને માન્ય રાખેલાં ઉત્તર પ્રદેશની હિંદી જ દેશની રાષ્ટ્રભાષા થાય, એ સંકુચિત ભાવ પણ અપનાવીને, ઊલટી રીતે પ્રદેશ-ભાષાવાદી પ્રાંતવાદને પણ ઉશ્કેર્યો. આ બંને વસ્તુ ગુજરાતના વાતાવરણ માટે નવાં અનિષ્ટ હતાં. પરંતુ તે આ કાળમાં ઉપરની ઢબે અને કારણે દાખલ થયાં, એ દુઃખની વાત બની ખરી.

૬

૧૯૫૦ પૂર્વેના ગાળાની ઘટનાઓનું વિહંગાવલોકન આમ પૂરું થાય છે. તેમાં એક મુખ્ય વાત એ જોવા મળી કે, ઉત્તર પ્રદેશનું હિંદી સાહિત્ય સંમેલન પોતાની પ્રદેશભાષાને — ઉર્દૂ તથા હિંદુસ્તાની કે કોઈ બીજી વાતના ઇન્કારપૂર્વક — રાષ્ટ્રભાષા તરીકે આખા દેશમાં આગળ ચલાવવા કટિબદ્ધ થયું. તેમાં તેની કોમવાદી સંકુચિતતા ઉઘાડી દેખાય છે. છતાં તેણે હિંદીભાષી સંખ્યાબળનો ઉપયોગ કરી દેશની બંધારણસભામાં આ વાત પર જોર કર્યું. તથા તાજા જ દેશના ભાગલા પડેલા તેની લાગણીની માઠી અસર ભાષાના સવાલની આપણા બંધારણની કલમો ઉપર પડી. જેમ કે, 'હિંદી' નામ દેશની આંતરભાષા માટે સ્વીકારાયું. છતાં સારાંશે, દેશમાં રાષ્ટ્રભાષા વિષે જે વિચારો ગાંધીજીએ ૩૦ વરસ દરમ્યાન કેળવ્યા હતા, તેનો બંધારણે ઠીક ઠીક સ્વીકાર કર્યો, અને તેમાં બંધારણે સ્પષ્ટ કર્યું કે હિંદીનું સ્વરૂપ કેવું હશે.

આની સાથે ૧૯૫૦થી શરૂ થયેલો બીજો ગાળો શરૂ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

હિંદી પ્રચારના મુખ્ય સિદ્ધાંતો

૧

ઈ. સ. ૧૯૪૯ના સપ્ટેંબરની ૧૪મી તારીખે હિન્દની બંધારણ-સભાએ તેનો ભાષાવિષયક ઠરાવ બહાર પાડ્યો. તેની સાથે રાષ્ટ્રભાષા વિષે વિચારણાનો પ્રજાકીય પ્રયત્ન, એક દૃષ્ટિએ જોતાં, તેની આખરી હદે પહોંચ્યો અને સરકારી પ્રયત્નનો બંધારણપૂર્વકનો યુગ શરૂ થયો, એમ કહી શકાય. તે જોઈએ તે પહેલાં, એ પ્રજાકીય પ્રયત્નના મુખ્ય મુદ્દા ટૂંકમાં ગણાવવા હોય, તો તે નીચે પ્રમાણે હતા:—

૧. હિંદ દેશ અનેકભાષી હોવાથી, આખા દેશના આંતરવ્યવહારને માટે, તેની પાસે એક સર્વસાધારણ આંતરભાષા હોવી જોઈએ.

૨. આ ભાષા અંગ્રેજી નહીં હોય. દેશની જ એક ભાષા તે હોવી જોઈએ.

૩. એ ભાષા ઉત્તર હિંદમાં બોલાતી સામાન્ય ભાષા હિંદી કે હિંદુસ્તાની હોઈ શકે; કેમ કે તે ભાષા દેશની વસ્તીની મોટામાં મોટી સંખ્યાના લોકો સમજે છે અને વાપરે છે.

૪. એવી ભાષાનું સ્વરૂપ ખૂબ વ્યાપક અને સર્વગ્રાહી હોવું જોઈએ. તે ભાષાની બે સાહિત્યિક શૈલી—હિંદી અને ઉર્દૂ—એ બંનેના સુભગ મેળરૂપ એવી લોકભાષા, જે લોકોમાં ચાલે છે ને ઉર્દૂ લિપિ કે નાગરી લિપિમાં લખાય છે ને વંચાય છે, તે પ્રકારની આ ભાષા હોવી ઘટે. અને તે ઢબે તેને ખીલવવી જોઈએ, અને તેનું સાહિત્ય પેદા કરવું ઘટે છે.

૫. એટલે સંસ્કૃતમયી હિંદી શૈલી કે અરબી-ફારસી-ભરી ઉર્દૂ શૈલી—બેમાંની એકે તે ભાષાના સાચા સ્વરૂપની સૂચક નથી; તે બંને અધૂરી છે. ઉપરાંત, તેમાં કોમી દ્વેષ અને પ્રાંતિક કે પ્રાદેશિક સંકુચિતતા તથા સાંસ્કૃતિક અનુદારતાના દોષ પણ છુપાયા છે. હિંદની રાષ્ટ્રીય આંતરભાષા આ દોષોથી મુક્ત હોવી જોઈએ; બલ્કે, તે દોષોને દૂર કરવામાં તેણે પોતાનો ફાળો આપવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. તથા, એ ભાષા હિંદની બીજી મહાન ભાષાઓની હરીફ કે તેમનું વાજબી સ્થાન કે હક પચાવી પાડી ન શકે; તે ભાષા તેમની અનુપૂર્તિ રૂપ—એ ભાષાઓ રૂપી દૂધમાં સાકર પેઠે ભળી જનારી ને તેવો ગુણ પ્રેરનારી હોવી જોઈએ.

૭. તેથી કરીને, આંતરભાષા કોઈ અહિંદી પ્રદેશના રાજ્યવહીવટનું કે શિક્ષણનું માધ્યમ નહીં બને; તે સ્થાન તો તે તે પ્રદેશભાષાને જ ઘટે. પણ આંતરભાષા તે દરેક પ્રદેશમાં આવશ્યક બીજી ભાષા તરીકે ભણાતી અને જરૂર મુજબ વપરાતી હશે.

૨

ઉપરના મુખ્ય મુદ્દા યાદ રાખીને તેમને આધારે આંતરભાષા હિન્દીનું પ્રચારકાર્ય કરવું જોઈએ.

બંધારણસભાએ હિંદની સરકારી કે રાજભાષા વિષે જે ઠરાવ કર્યો, તે ઉપરના લગભગ ૩૦ વરસના સતત હિંદી-પ્રચાર-કાર્યના પરિણામ રૂપે હતો; તેથી જ તે શકય બન્યો એમ ચોકસ કહી શકાય.

બંધારણના ૧૭મા ખંડમાં કલમ ૩૪૩થી ૩૫૧માં આ વિષય આવે છે. તે જોઈએ તો જણાશે કે, ઉપરના પ્રજાકીય પ્રયત્નના ફળરૂપ બધા મુદ્દાઓનો તેમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

૧૯૪૮માં રાધાકૃષ્ણન કમિશનનો રિપોર્ટ બહાર પડયો, તેમાં પણ ઉપરના બધા સિદ્ધાંતો સ્વીકારીને હિંદીને રાષ્ટ્રની શિક્ષણવ્યવસ્થામાં માનભર્યું સ્થાન આપવાની ભલામણ કરવામાં આવી છે. તેમ જ ત્યાર પછી માધ્યમિક શિક્ષણ કમિશન આવ્યું તેણે પણ કર્યું છે.

બંધારણનો આ ઠરાવ શો છે તે હવે જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

બંધારણનો ભાષાવિષયક નિર્ણય

૧૯૫૦ના જાનેવારીની ૨૬મીએ હિંદના ગણરાજ્યનું તેના સ્વતંત્ર પ્રજાકીય બંધારણપૂર્વક કામકાજ શરૂ થયું. દેશના રાજ્યવહીવટની ભાષા કઈ થશે તે વિષે અલગ ખંડ ૧૭મો* આપણા બંધારણમાં મૂકવામાં આવ્યો છે. તેમાં બંધારણની કલમ ૩૪૩ થી ૩૫૧નો સમાવેશ થાય છે. આ કલમો દ્વારા હિંદની રાજ્યવહીવટી ભાષાઓનો નકશો કઈ રીતે હવે પછી સ્વરાજ્યમાં ગોઠવાશે, તેની મૂળ રૂપરેખા આંકી છે. તેના મુખ્ય મુખ્ય મુદ્દા શરૂમાં જોઈએ, જેથી આને લીધે શી નવી પરિસ્થિતિ પેદા થઈ તે ધ્યાનમાં આવે.

હિંદની આંતરભાષા

૧. અત્યાર સુધી હિંદની તથા તેનાં પ્રાંતરાજ્યોની કુલ રાજભાષા એક અંગ્રેજી જ હતી. તેને બદલે નક્કી થયું કે, ભારત ગણરાજ્યની રાજ્ય-ભાષા હિંદી અને લિપિ દેવનાગરી અને આંકડા અંગ્રેજી થશે.

પરંતુ ૧૫ વરસ સુધી, અંગ્રેજી અત્યારે જેમ ચાલે છે, તેમ ચાલતું રહી શકશે. છતાં રાષ્ટ્રપતિ ચાહે તો, તે દરમિયાન પણ અંગ્રેજી જોડે હિંદીનો ઉપયોગ પણ થઈ શકે એવો હુકમ કરી શકશે.

અને ૧૫ વરસ બાદ, પાર્લમેન્ટ ચાહે તો કાયદા દ્વારા નક્કી કરી શકશે કે, અમુક નક્કી બતાવેલી બાબતોમાં અંગ્રેજી ચાલુ રાખી શકાશે.

રાજભાષા કમિશન

૨. ઉપરની કલમ ૧ માં બતાવેલાં ૧૫ વરસમાં અંગ્રેજીનો ઉપયોગ બંધ કરાવીને માત્ર હિંદીનો જ થાય, એમ પણ રાષ્ટ્રપતિ કરી શકશે. પરંતુ તેમ કરવા માટે તેમણે, ૧૫ વર્ષ સુધી, દર પાંચ પાંચ વરસે, એક હિંદી કમિશન નીમવું જોઈએ. તેમાં હિંદની ૧૪ ભાષાઓ બંધારણે ગણાવી છે તેમના પ્રતિનિધિ હોવા જોઈએ. તે કમિશન તપાસ કરીને જે રીતે કહે તે જ મર્યાદામાં રહીને, અંગ્રેજીને બંધ કરતા જવાનું આ કામ રાષ્ટ્રપતિ કરશે.

---

* આ ખંડનો ગુજરાતી અનુવાદ પરિશિષ્ટ ૨ માં આપ્યો છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કે, અંગ્રેજીનો ઉપયોગ રાજ્યભાષા તરીકે મર્યાદિત કરતાં કરતાં તે બંધ થશે અને તેની જગાએ હિંદી આવશે, એ નિશ્ચય છે.

પ્રદેશરાજ્યોની વહીવટ-ભાષાઓ

૩. ઉપરની બાબત અખિલ ભારતીય વહીવટ માટે છે. પ્રદેશરાજ્યો માટે બંધારણ કહે છે કે, દરેક રાજ્યની ધારાસભા પોતાના પ્રદેશમાં વપરાતી કોઈ એક યા વધુ ભાષાને પ્રાદેશિક વહીવટી ભાષા ઠરાવી શકશે. અખિલ ભારતની આંતરભાષા હિંદીને પણ રાખવી હોય તો ઇચ્છે તે રીતે રાખી શકશે.

પ્રદેશ રાજ્યની ધારાસભા આ નિર્ણય ન કરે ત્યાં સુધી અંગ્રેજી ચાલતી હોય તેમ ચાલે.

કોઈ પ્રદેશની અમુક વસ્તી પોતાની અમુક ભાષા પણ રાજ્યભાષા બને તેમ ઇચ્છે અને ધારાસભા તેમ ન કરે, તો વસ્તીનો તે ભાગ રાષ્ટ્રપતિને એ માટે અરજી કરી શકે; અને રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો તે એવો હુકમ તે રાજ્યને ફરમાવી શકે.

મતલબ કે, બંધારણે દેશની બધી ભાષાઓને તે તે ભાષાપ્રદેશની રાજ્યભાષા બનવાનો હક બક્ષ્યો છે. આજે અંગ્રેજી છે તેને સ્થાને આંતરભાષા હિંદી જ બધે હોય એ વસ્તુનો ઇન્કાર કર્યો છે.

આંતરવ્યવહાર માટે હિંદી

૪. હિંદીનો ઉપયોગ દેશની આંતરભાષા તરીકેનો છે. તે રીતે તે સમસ્ત દેશના વહીવટની ભાષા બનશે. તે આપણે ઉપર કલમ ૧માં જોયું. આંતરભાષાનાં બીજાં ઉપયોગ અને પ્રયોજન પ્રદેશરાજ્યોના આંતરપ્રાદેશિક કામકાજ તથા મધ્યસ્થ સરકાર જોડેના વહેવાર માટે છે. બંધારણે આવો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. તે કહે છે કે,

(૧) મધ્યસ્થ સરકારના વહીવટની જે ભાષા હોય, તે જ ભાષામાં બધાં પ્રદેશરાજ્યો તેની જોડે તથા માંહોમાંહે પોતાનું બધું કામકાજ કરશે. એટલે કે, અંગ્રેજી હોય ત્યાં સુધી તે અને હિંદી જેમ જેમ થતી જાય તેમ તેમ તે દ્વારા કામ ચાલશે.

(૨) પરંતુ બે કે વધુ રાજ્યો પરસ્પર ઠરાવ કરે કે, અમે હિંદી દ્વારા અમારો આંતરવ્યવહાર ચલાવવા રાજી છીએ, તો તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કરી શકે, – ભલે કેન્દ્રની ભાષા હિંદી ન શરૂ થઈ હોય ને અંગ્રેજી ચાલુ હોય તેમ છતાં.

મતલબ કે, અંગ્રેજીને બદલે હિંદીને અપનાવતા જવામાં ઢીલ કે રુકાવટનો સવાલ જ નથી. બંધારણ ચાહે છે કે, દેશનો બધો વહીવટ બને તેટલો જલદી દેશી ભાષાઓ દ્વારા શરૂ થઈ જાય.

અદાલતની ભાષા

૫. અદાલત તથા ધારાસભાનાં કામકાજ, આમ જોઈએ તો, રાજ્ય-વહીવટમાં ગણાય. પણ મુલકી વહેવારનાં ખાસ કામો તે ગણાય. તેથી બંધારણે તેમને માટે અલગ વિચાર કર્યો છે. પહેલો અદાલત માટેનો જોઈએ. આ વિચારમાં 'સુપ્રીમ' કોર્ટ તથા પ્રદેશોની 'હાઈકોર્ટ' આવે છે.

રાષ્ટ્રની સર્વોપરી — 'સુપ્રીમ' — અદાલતનું કામકાજ, પાર્લમેન્ટ કાયદો કરીને ફેરવે નહીં ત્યાં સુધી, અંગ્રેજીમાં ચાલશે. તે ફેરવીને હિંદી કયારે કરવું તેનો ઠરાવ પાર્લમેન્ટ કરશે.

હાઈકોર્ટમાં તેના રાજ્યની જે ભાષા રાજભાષા તરીકે ઠરાવી હોય, તે ભાષા એના કામકાજમાં ચાલે એમ, પ્રદેશરાજ્યનો ગવર્નર, રાષ્ટ્રપતિની પૂર્વપરવાનગી લઈને, કરી શકશે. પરંતુ હાઈકોર્ટના ફેંસલા કે હુકમનામાં વગેરેની ભાષાને આ હુકમ લાગુ નથી પડતો.

મતલબ કે, હાઈકોર્ટો પણ રાજ્યની પ્રદેશભાષામાં તેમનું કામકાજ કરી શકે એવી જોગવાઈ બંધારણે વિચારી છે. તેમ કરવું હોય તો રાજ્યની સરકારો તેમના ગવર્નર દ્વારા પગલાં ભરી શકે છે.

પાર્લમેન્ટની ભાષા

૬. હવે પાર્લમેન્ટ અને ધારાસભાની ભાષા કઈ રહે, તે જોઈએ. પાર્લમેન્ટનું કામકાજ હિંદી કે અંગ્રેજીમાં ચાલવું જોઈએ. ૧૫ વરસ પછી અંગ્રેજી નહીં, સિવાય કે પાર્લમેન્ટ પોતે કાયદો કરીને બીજું કહે, તો તેમ.

કોઈ સભ્ય ઉપરની બેમાંથી એકે ભાષા ન બોલી શકે તે, ચેરમેનની રજાથી, પોતાને ફાવતી ભાષામાં બોલવા હકદાર છે.

છતાં, કાયદા ઇ૦ની સત્તાવાર ભાષા તો, જ્યાં સુધી પાર્લમેન્ટ ફેરવે નહીં, ત્યાં સુધી અંગ્રેજી જ રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારાસભાની ભાષા

૭. પ્રદેશની ધારાસભા પોતાનું કામકાજ તેણે ઠરાવેલી એક કે વધુ રાજ્યભાષા કે હિંદી કે અંગ્રેજી દ્વારા કરશે.

૧૫ વરસ પછી અંગ્રેજી નહીં રહે, સિવાય કે પ્રદેશની ધારાસભા કાયદો કરીને બીજું કહે, તો તેમ.

કોઈ સભ્યને ઉપરની કોઈ ભાષા ન આવડે તો તે, ચેરમેનની રજાથી, પોતાની માતૃભાષામાંય બોલી શકશે.

પરંતુ પાર્લમેન્ટ કાયદાથી ફેરવે નહીં ત્યાં સુધી, ધારાસભાના કાનૂન ઇ૦ની ભાષા અંગ્રેજી જ રહેશે. છતાં પ્રદેશરાજ્યનો ગવર્નર, રાષ્ટ્રપતિની પૂર્વપરવાનગીથી, પોતાના રાજ્યે ઠરાવેલી પ્રદેશભાષામાં કાયદા કાનૂનો ઇ૦ થાય એમ કરી શકશે. પણ તેમ કરે તો ગવર્નરે તેનો સત્તાવાર અંગ્રેજી તરજુમો પ્રસિદ્ધ કરવો જોઈશે.

મતલબ કે, વચગાળામાં કાનૂનની ભાષા એકધારી રહે તે સારુ આ જોગવાઈ થઈ છે. પાર્લમેન્ટના કાનૂનથી જ્યારે હિંદી રાજ્યભાષા થાય ત્યારે તે દ્વારા એકધારાપણું સધાશે. વચગાળામાં એવું ન બનવું જોઈએ કે જેથી ભાષાફેરને લઈને નાહક વેઠવું પડે કે અવ્યવસ્થા થાય.

હિંદીનો વિકાસ અને પ્રચાર

૮. છેલ્લે, બંધારણે ભારત ગણરાજ્યને એક ફરજ ફરમાવી છે તે આ ભાષાવિષયક વિચારની સૌથી મોટામાં મોટી અને ક્રાંતિકારી બાબત છે. તે છે હિંદી ભાષાનાં પ્રચાર, પ્રગતિ, વિકાસ વગેરે સાધવાનાં અને એ રીતે તેને સમૃદ્ધ બનાવી અંગ્રેજીને બદલે કામ દે તેવી કરીને દેશમાં ચાલુ કરવાની બાબત. આ કામ કેવળ સરકારી કે વહીવટી નથી, પણ પ્રજાકીય રાષ્ટ્રીય ફરજ છે. હિંદને જોઈએ એવી સમર્થ અને કાર્યસાધક એવી સમૃદ્ધ આંતરભાષા પેદા કરવી, દેશમાં તે ફેલાવવી — એટલે કે, તેનું શિક્ષણ, સાહિત્ય, ઇ૦ બધું ચાલુ થાય તેમ કરવું, — આ મોટા કામને આદરવાની આજ્ઞા બંધારણે કરી છે. અત્યાર સુધી રાષ્ટ્રના હિંદી-પ્રચાર-સેવકો જે કામ કરતા હતા, તે કામ પરદેશી રાજ્યમાં કેવળ પ્રજાકીય જ હતું — સરકાર સામે નહીં તોય તેની અરુચિ કે ઉપેક્ષાને પાત્ર ગણાતું હતું, — તે હવે રાષ્ટ્રીય સરકારનુંય કામ બને છે. બંધારણથી આમ બન્યું એટલે આ કામને માટે અમુક નવી જ પરિસ્થિતિ પેદા થાય તે સ્પષ્ટ છે. એ નવા પ્રકરણમાં જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

બંધારણ અને હિંદી સાહિત્ય સંમેલન

૧

સપ્ટેમ્બર ૧૪, ૧૯૪૯, ના રોજ બંધારણ-સભાએ ભાષાવિષયક ઠરાવ પસાર કર્યો. એ પછી તરત તા. ૨૯–૯–'૪૯ના રોજ હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ની સ્થાયી સમિતિની બેઠક મળી. તેણે આ ઠરાવ પ્રત્યે પોતાનો ઊંડો અસંતોષ વ્યક્ત કરતો અને તેની કેટલીક બાબતોનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો; અને અંતે તેમાં જણાવ્યું કે, બંધારણને આખરી મંજૂરી મળવાનું કામ હજી બાકી છે, તેથી તેમાં અમુક સુધારા કરી લેવા જોઈએ.

હિં૦ સા૦ સંમેલનનો આ ઠરાવ નીચે ઉતારું છું. તે અંગે સાથે સાથે અહીં એટલું જણાવું કે, આ સંસ્થાની નીતિ આજ સુધી આ ઠરાવ પ્રમાણેની કાયમ છે; એટલે કે, આ સંસ્થા બંધારણની નીતિ સ્વીકારતી નથી. નીચેનો તેનો ઠરાવ અને તેનાં ભાષા તથા ભાવ એ સ્પષ્ટ બતાવી આપે છે :

૨

હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગ

(સંવિધાન પરિષદકી રાષ્ટ્રભાષાકી ઘોષણા પર પ્રસ્તાવ)

ગત ૨૯ સિતમ્બરકી હિંદી સાહિત્ય સંમેલનકી સમિતિને અપની બૈઠકમેં વિધાન સંમેલનકે રાષ્ટ્રભાષા સંબંધી નિર્ણય પર નિમ્ન પ્રસ્તાવ સર્વસંમતિસે સ્વીકાર કિયા હૈ :—

"હિંદી સાહિત્ય સંમેલનકી યહ સ્થાયી સમિતિ સંવિધાન પરિષદકે ભાષા સંબંધી ઉસ નિર્ણય પર, જો ૧૪ સિતમ્બરકો કિયા ગયા, અપના નિમ્ન લિખિત મત પ્રગટ કરતી હૈ :

"નિર્ણયકે પ્રારંભિક અંશમેં દેવનાગરી લિપિમેં લિખી હિંદી ભાષાકો કેન્દ્રીય શાસનકી રાજકીય ભાષા સ્વીકાર કર સંવિધાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિષદને ઉચિત કાર્ય કિયા હૈ. ઇસીકી ઉસસે આશા થી. કયોંકિ દેશકી બહુસંખ્યક જનતા ઔર દેશકી ભિન્ન ભિન્ન ભાષાઓંકે અધિક અધિક સાહિત્યકોંકે બીચ લગભગ ૭૫ વર્ષોંસે હિંદી ભારતકી માની હુઈ રાષ્ટ્રભાષા ઔર દેવનાગરી રાષ્ટ્રલિપિ રહી હૈ. પરંતુ ઇસ અંશકે રહતે હુએ ભી પરિષદને ભાષાકે મહત્ત્વપૂર્ણ પ્રશ્નોંકો વિકૃત દૃષ્ટિબિંદુસે દેખા હૈ. અંગ્રેજી ભાષાકે પુરાને પ્રભુત્વકા અનુચિત પ્રભાવ, હિંદી ભાષાકી શક્તિ ઔર ઉસકે શાબ્દિક ભંડારકા અજ્ઞાન, અંગ્રેજી ભાષાકે જનકાર ઔર ઉસીકે દ્વારા કાર્ય કરનેકી ઇચ્છા રખનેવાલે અલ્પસંખ્યક જનોંકી સુવિધાકી ચિંતા, ઔર દેશભરકી જનતાકી અભિલાષાઓં ઔર આવશ્યકતાઓંકા અનાદર, ઇન ગહરે દોષોંસે સંપૂર્ણ નિર્ણય દૂષિત હૈ. યહ સ્પષ્ટ હૈ કિ, હિંદી ભાષા ઔર દેવનાગરી લિપિકો સૈદ્ધાંતિક માન્યતા દેકર અંગ્રેજી ભાષાકો કેન્દ્રીય શાસનમેં કમસે કમ ૧૫ વર્ષ રખા ગયા હૈ, ઔર યથાસંભવ ઇસસે ભી અધિક સમય તક ચલાનેકા પ્રયત્ન કિયા ગયા હૈ.

"સબસે અધિક અનર્ગલ ઔર અનધિકૃત નિર્ણય સંવિધાન પરિષદકા યહ હુઆ હૈ કિ, દેવનાગરી લિપિમેં પ્રાચીન દેવનાગરી અંકોંકે સ્થાન પર અંગ્રેજી અંકોંકા પ્રયોગ કિયા જાય, જિસકો ઉસને ભારતીય અંકોંકો આંતરરાષ્ટ્રીય રૂપકા નામ દેકર અપને નિર્ણયકે દોષકો છિપાનેકા યત્ન કિયા હૈ.

"યહ સમિતિ સંપૂર્ણ નિર્ણયકો દેખતે હુએ ઉસસે અપના ગહરા અસંતોષ પ્રગટ કરતી હૈ. ઔર સંવિધાન પરિષદકો યહ સૂચના દેના ચાહતી હૈ કિ, દેવનાગરી લિપિકા અંગ્રેજી અંકોં દ્વારા વિસ્થાપન દેશકી જનતાકો કદાપિ સ્વીકાર નહીં હોગા. સંવિધાન પરિષદસે સમિતિકા નિવેદન હૈ કિ, સંવિધાનકી અંતિમ સ્વીકૃતિસે પહલે વહ અંક સંબંધી અપને નિર્ણયકો પરિવર્તિત કરે. અંગ્રેજી ભાષાકે ચલનેકા સમય ભી અધિક સીમિત કરે તથા હિંદીકો વાસ્તવિક રૂપમેં રાજભાષા હોનેકે અવસર, અલ્પ માત્રાસે પ્રારંભ કર, બઢતી હુઈ માત્રામેં દેનેકી યોજના કરે, જિસમેં અંગ્રેજીકા પ્રયોગ, બિના દીર્ઘકાલ બીતે, રાજકાર્યસે પૂર્ણતઃ ઉઠ જાય ઔર સબ કેન્દ્રીય કાર્યોંમેં હિંદીકા હી પ્રયોગ હો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

આ ઉપરથી નીચેની વાતો જોવા મળે છે:—

૧. હિ૦ સા૦ સંમેલને એમ માન્યું કે, તે જેને 'હિંદી' માને અને સમજે છે તે વ્યાખ્યાની ભાષા દેશની 'રાષ્ટ્રભાષા' કે આંતરભાષા થાય એવી તેની ઇચ્છા ફળી. તેની વ્યાખ્યાની ભાષા એ છે કે જે ઉર્દૂ ને હિંદુસ્તાનીથી જુદી જ ભાષા છે, એ અગાઉ તેના અબોહર ઠરાવમાં આપણે જોયું હતું. તેને જ રાષ્ટ્રભાષા રૂપે ગણાવીને ફેલાવવી એ તેની નીતિ રહેશે એમ પણ તેણે તે ઠરાવમાં નક્કી કરેલું. આમ હવે થયું એનો આનંદ ઉપરના ઠરાવમાં બતાવ્યો છે.

પણ સંમેલનને નીચેની બાબતો ન ગમી:

૨. નાગરી સંખ્યાલેખનને બદલે અંગ્રેજી સંખ્યાલેખન તેણે સદંતર વખોડી કાઢી રદ કર્યું અને તેમાં સુધારો માગ્યો.

૩. ૫૫ વરસની જે મર્યાદા આંકી તે તેને લાંબી લાગી. હિંદી ભાષા તથા તેની શબ્દશક્તિ ખૂબ છે તે ઓછી આંકી, અને ૩૫૧ મી કલમમાં તે ખીલવવા અને વધારવા માટે જે આદેશ આપ્યો તેમાં હિંદીની શક્તિ વગેરેની કદર ન થઈ, એમ એને લાગ્યું અને તે એને ના ગમ્યું. ઉત્તર પ્રદેશની અમારી ભાષા તૈયાર છે, તે લઈ લેવામાં ૧૫ વરસ શું કામ લાગવાં જોઈએ?—એમ તેણે વિચાર્યું.

૪

આથી કરીને, સંમેલનના ખ્યાલમાં એ ના આવ્યું કે, હિંદની રાજ્ય-ભાષા અને બંધારણની યાદી નં. ૮ માં કહેલી હિંદની એક દેશી ભાષામાં અમુક ફરક રહે છે!

અને અખિલ ભારતીય હિંદીનો વિકાસ કરવામાં જે મહત્ત્વની નીતિ બંધારણની ૩૫૧ મી કલમમાં આંકવામાં આવી, તે તરફ પણ સંમેલનનું લક્ષ સીધી રીતે ન ગયું.

એને તો લગભગ એમ લાગ્યું કે, નાગરી લિપિ અને હિંદી ભાષા જે અમે માગતા હતા તે મળી ગયું! માત્ર આંકડા વિષે ગરબડ કરી તે દૂર કરો, અને હિંદી વિષે અશ્રદ્ધા વ્યક્ત કરતી ૧૫ વરસની મુદત મૂકી તે બહુ છે તે ખૂબ ઓછી કરી દો. અને તેણે માન્યું કે, ઉર્દૂને હવે ઉત્તર પ્રદેશમાં સ્થાન નહીં રહે; કેમ કે, હિંદી રાષ્ટ્રભાષા થઈ છે. એટલે ઉર્દૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો પરદેશી લેખાવા લાગ્યા. તેમને ભાષાના પ્રચલનમાંથી કાઢો, એવી છડેચોક નીતિ પકડવામાં આવી. વર્ધા સમિતિએ તૈયાર કરેલી તેની ચોપડીમાંથી પણ તેવા શબ્દો બાકાત કરીને તેમની જગાએ બીજા શબ્દો મુકાયા.* ઉર્દૂ ભાષા જ પરદેશી છે એમ કહેવાવા લાગ્યું અને ઉત્તર પ્રદેશમાં તેના શિક્ષણને પણ લગભગ બંધ કરવાની પેરવીઓ શરૂ થઈ ગઈ!

૫

થોડા જ વખતમાં આ પ્રકારની હવા દેશમાં—ખાસ કરીને ઉત્તર હિંદમાં ઘણી જગાએ ફેલાઈ ગઈ.

દક્ષિણ અને પૂર્વ હિંદમાં આની બહુ માઠી અસર પડી. તેઓ નવી જ રીતે હવે હિંદીનો વિરોધ કરતા થયા. હિંદીને આંતરભાષા ઠરાવી તેની ઈર્ષા દેશમાં હવે પહેલી વાર જોરથી થવા લાગી. ઉપરનું અધીર અને એકાંગી દૃષ્ટિનું ઉત્તર હિંદનું વાતાવરણ એમાં ભારે કારણભૂત બન્યું. એથી એ હવા પણ જોર ઉપર આવી કે, અમુક એક જ પ્રદેશની ભાષાને જો આંતરભાષાનું બહુમાન મળે, તો એથી તે ભાષાવાળાનું અતિ વધારે વર્ચસ્વ થાય; તેને લઈને બીજી દેશી ભાષાઓને સહેવું પડે; માટે બહેતર છે કે, અંગ્રેજી ચાલુ રાખો અને સંસ્કૃત જેવી ત્રાહિત ભાષાને જ આંતરભાષા બનાવો તો વધારે સારું.

આ જાતના ભાવો અત્યાર સુધી ઊભા છે અને એમની આડે અંગ્રેજી ભાષાનું ચલણ પહેલાં જેવું પાછું ચાલુ રાખવાની વાતોની પ્રતિકાંતિ જોર કરતી જાય છે.

આમ એક બાજુએ હિંદી સા૦ સંમેલન અને તેની વર્ધા સમિતિનો ગતિ નવી પરિસ્થિતિમાં કેવો થઈ તે જોયું. હવે બીજી બાજુ, ખરેખર જેઓ રાષ્ટ્રની ઉદાર અને વ્યાપક નીતિ વિચારી, ઉર્દૂ-હિંદી-સંમિલિત એક ભાષા હિંદુસ્તાનીના પ્રચાર માટે મથતા હતા, તેમની ગતિ હવે પછીના પ્રકરણમાં જોઈશું.

---

* આ વરસોમાં એક હિંદી કોશ બહાર પડ્યો તેમાં અંતે ચાર પાંચ હજાર શબ્દોની ચાદી અપાઈ, જે 'પરદેશી' ગણી કાઢવા જોઈએ એમ કહ્યું. આ શબ્દોમાં 'વક્ત, ફકીર, જમાના,' ઇ૦ જેવા અનેક શબ્દો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

હિંદી — પ્રાદેશિક અને રાષ્ટ્રીય

૧

હિન્દી સા૦ સંમેલને બંધારણના ભાષાવિષયક ઠરાવ પરત્વે જે વલણ લીધું, તે ગયા લેખમાં આપણે જોયું. તે વલણ એક પ્રકારનો એવો હિંદી ભાષાવાદ ગણાય કે જેને કેટલાકે ભાષાકીય સામ્રાજ્યવાદ કહ્યો! અને તે અકારણ કે અયોગ્ય વર્ણન હતું એમ ન કહી શકાય.

સામાન્ય રીતે આજે ભાષાવાર રાજ્યરચના પરત્વે 'ભાષાવાદ' જેવો શબ્દપ્રયોગ થાય છે. અને તેની ભયંકર અયોગ્યતા બતાવવામાં આવે છે. અને આ ભય હિંદી અંગે નથી, પણ બીજી ભાષાઓ અંગે છે, એમ મુગ્ધ ભાવથી મનાય છે. પરંતુ હિંદી અંગે જોઈએ તો એનેય ચડે એવો ભારે ભાષાવાદ ઉત્તર પ્રદેશમાં અત્યારે ઊભો થયો છે, કે જે અમુક પ્રાંત કે પ્રદેશને જ નહીં, આખા દેશને આવરી લેવા તાકતો લાગે છે. અને તે કેવળ ભાષા અને શિક્ષણના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ દેશના રાજકીય અને પ્રજાકીય ક્ષેત્રમાં અસર કરે એવો બન્યો છે.

તેથી કરીને હિંદી ભાષા પરત્વેની આ ઘટના રાષ્ટ્રીય નથી, એ ઉઘાડું છે. અને એ હિંદી સા૦ સંમેલનને ચોખ્ખા શબ્દોમાં ગાંધીજીએ અનેક વાર અગાઉ કહ્યું પણ હતું. પણ તેણે તે ન માન્યું. એ એવી ગંભીર વાત હતી કે, તેથી તો ગાંધીજીને તે સંસ્થા છોડવી પડી અને હિંદીની રાષ્ટ્રીય દૃષ્ટિ દેશ પાસે મૂકવા ખાસ નવી સંસ્થા રચવી પડી હતી — હિંદુસ્તાની પ્રચાર સભા. અને આ સંસ્થાની નીતિ અપનાવીને કામ કરવા દેશમાં બીજી અનેક સંસ્થાઓ પણ તૈયાર થઈ.

આ બધી સંસ્થાઓએ બંધારણસભાના ઠરાવ અંગે જે વિચાર કર્યો તે હવે જોઈએ.

૨

હિંદુસ્તાની પ્રચાર સભાની સમિતિ ૧૯૪૯ના અંતમાં મળી અને તેણે બંધારણની ભાષાનીતિને આવકાર આપતો ઠરાવ* કર્યો. તેમાં તેની

---

* પરિશિષ્ટ ૩માં આ ઠરાવ આપ્યો છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીય નીતિને બંધારણસભાએ જે અનુમોદન આપ્યું અને અપનાવી તે માટે પોતાનો સંતોષ વ્યક્ત કર્યો. અને તે મુજબ ભાષા અને સાહિત્ય ખીલવવા અનુરોધ કર્યો.

ગુજરાતમાં આ નીતિથી શરૂથી કામ કરતી સંસ્થા ગુજરાત વિદ્યાપીઠ, તેણે ૪–૧૨–'૪૯ના રોજ ગુજરાતના હિંદુસ્તાની પ્રચારકોનું સંમેલન ભર્યું અને તેમાં નવી પરિસ્થિતિનો બધી તરફથી વિચાર કર્યો, અને બંધારણની ભાષાકીય નીતિનો તથા લિપિનો સ્વીકાર કરતો ઠરાવ[1] કર્યો. અને તેમાં એમ સ્પષ્ટ કર્યું કે,

> "રાષ્ટ્રભાષા પ્રચારકનું કામ આજે જે કક્ષાએ પહોંચ્યું છે તે જોતાં, આ સંમેલન માને છે કે, હવે પછી દેશનું મુખ્ય કામ રાષ્ટ્રભાષાનું સ્વરૂપ યોગ્ય રીતે ખીલવવામાં આવે એ જોવાનું છે. . . ."

અને પોતાની હિંદી પ્રચાર પરીક્ષા–પદ્ધતિમાં પણ અનુરૂપ સુધારો કરી લેવા ઠરાવ્યું: પરીક્ષાર્થીઓ માટે ઉર્દૂ લિપિ પૂર્વે ફરજિયાત હતી તે મરજિયાત[2] કરી અને ઉર્દૂ લિપિમાં મળતું રાષ્ટ્રભાષા હિંદીનું સાહિત્ય નાગરીમાં ઉતારવાનું કામ ઉપાડયું.

૩

આ ફેરફારથી વર્ધા સમિતિની પરીક્ષાનીતિ, કે જે ઉર્દૂલિપિની ફરજિયાતતાનો ફરક બતાવી પોતાની હયાતી ટકાવતી હતી, તેના પર અસર થઈ. તેની હસ્તી નિષ્પ્રયોજન બની; પણ તેમ તે જોઈ ન શકી. કેમ કે, મૂળે જોતાં, તેને ભાષાના સ્વરૂપ પરત્વે પણ જુદો ખ્યાલ હતો.

ગુજરાત સંમેલને ૧૯૪૯માં બીજા પણ કેટલાક મહત્ત્વના ઠરાવો પસાર કર્યા હતા, તે પણ નોંધવા જેવા છે. કેમ કે, એ વિષે પણ વર્ધા સમિતિ અને હિં૦ સા૦ સંમેલન બીજી મતિ ધરાવે છે, એમ લાગે છે.

જેમ કે, ઉચ્ચ શિક્ષણનું માધ્યમ પણ એમને માન્ય એવી હિંદી ભાષામાં થાય એમ તે ઇચ્છે. અંગ્રેજી સિવાય બીજી હિંદની ચાલુ ભાષા શીખવા પરત્વે ઉત્તર હિંદની વૃત્તિ અતત્પરતાની છે.

---

૧. પરિશિષ્ટ ૪માં આ સંમેલનના ઠરાવો આપ્યા છે તે જુઓ. તેની બીજી બેઠક થઈ તેના ઠરાવ પણ આપ્યા છે.

૨. અહીંયાં એ નોંધવું જોઈએ કે, હિંદુસ્તાની પ્રચાર સભાએ તેની પરીક્ષામાં બંને લિપિ હતી તેમ જ ફરજિયાત ચાલુ રાખી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધી વસ્તુઓ દેશના નવઘડતરમાં ખૂબ દખલરૂપ અને બુદ્ધિભેદક બને એ ઉઘાડું છે. તે સમજી જઈ પોતાનું વલણ સુધારી લેવાને બદલે પ્રદેશ-હિંદી-વાદી દળોમાં પોતાનું કામ — એટલે કે, તેનું પરીક્ષાતંત્ર ચાલુ રહે એ માટે જાત જાતનાં પાખંડ શરૂ થયાં.

'પાખંડ' શબ્દ કડક છે, પણ અહીંયાં તે સાચો છે. ગાંધીજીના નામનો ખોટો ઉપયોગ કરવો, પાકિસ્તાન થવાને લીધે હિન્દુ કોમવાદી લાગણી ઉર્દૂ તથા હિંદુસ્તાની પ્રત્યે ઉશ્કેરવી, તથા પરીક્ષાતંત્રની ભલતી રીતો વાપરીને પણ આવી રાષ્ટ્રદ્રોહી સમજ કે ભાવના યા નીતિવાળાં મંડળોના માણસોનો સાથ લઈને પોતાની પ્રાંતીય શાખાઓ ચલાવવી, વગેરે કોમવાદી અને પ્રાંતવાદી ભાવોને ઉશ્કેરીને કામ લેવાવા લાગ્યું. આ બધી દુઃખદ વાતોનો વધારે વિસ્તાર કરતાં ભારે દુઃખ થાય છે. ઉદાહરણ રૂપે ઉપરનું કેટલુંક લખ્યું છે.

૪

૧૯૪૭ અગાઉ વર્ધા સમિતિના સંચાલકો તરફથી એમ કહેવાતું કે, અમને ઉર્દૂ લિપિનો વિરોધ છે. ૧૯૪૯માં ઉર્દૂ લિપિ છૂટી ગઈ અને ગુજરાતમાં તે નીતિ સ્વીકારીને વિદ્યાપીઠે પ્રચારકામ ચલાવ્યું. છતાં વર્ધા સમિતિએ પોતાનું કામ છોડ્યું* નહીં. કારણ કે તેનું કામ એક જામી પડેલું સ્થાપિત હિત જેવું બની ચૂકયું હતું.

અને આટલેથી આગળ વધી હવે હિંદી આંતરભાષાનો પ્રશ્ન અખિલ ભારતીય ભૂમિકાએ જઈ ઉત્તર હિંદનો રાજકીય અને ભાષાવાદી એક મુદ્દો બન્યો. અને એને જોરે પછી વર્ધા સમિતિની શાખાઓ ગુજરાત મહારાષ્ટ્ર વગેરેમાં કામ કરતી રહી. એટલું જ નહીં, હિંદીના સ્વરૂપ પરત્વે તેનો મૂળ દૃષ્ટિભેદ પહેલેથી રહ્યો છે, કે જે આપણે અગાઉ જોયો. શ્રી. પુરુષોત્તમદાસ ટંડન તથા શેઠ ગોવિંદદાસ જેવા પ્રદેશ-હિંદીના અભિમાની નેતાઓ આ નવી પ્રયાણનીતિના આગેવાન બન્યા. તેઓ હિં૦ સા૦ સંમેલનની દૃષ્ટિ મુજબ અખિલ ભારતીય કામ ચલાવવા માટે કેન્દ્રમાં ખટપટ કરવા લાગ્યા. પરંતુ એમાં એમણે ભારે ભૂલ કરી, જે ઉપર આપણે થોડાક શબ્દોમાં જોઈ. તેથી તો ઊલટું હિંદી-પ્રચારકામ ગોટાળામાં

* આ વિષે ઈ. સ. ૧૯૫૦માં વર્ધા સમિતિમાં કામ કરતા એક જણ જોડે ચર્ચા થયેલી તે વિષેનો લેખ જુઓ પરિશિષ્ટ ૫ મું.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી તેની પ્રગતિ જ રૂંધાઈ ગઈ ! આજે આનાં દુષ્પરિણામ ચોખ્ખાં દેખાય છે. અંગ્રેજી કાઢવાને બદલે તેને રાખવાના પ્રયત્ન ચાલે છે અને હિંદી બદલે તેને કે સંસ્કૃતને લો એવી વાતો વહેતી મુકાય છે !

૫

સંમેલનની આ ભૂલ ભરેલી નીતિની કડક સમાલોચના મુંબઈ રાજ્યમાં થઈ. ૧૯૫૦ના જાનેવારીની ૨૬મીએ હિંદનું નવું બંધારણ અમલમાં આવ્યું. તેની સાથે તેનો ભાષાવિષયક ખંડ પણ અમલમાં આવ્યો. તેની રૂએ સરકારો પર ફરજ આવી કે, તેમણે તે મુજબ હિંદીના શિક્ષણ તથા ચલણનો વિચાર કરી આગળ કામ ઉપાડવું જોઈએ.

આને સારુ મુંબઈ રાજ્યે ૧૯૫૦માં એક સમિતિ નીમી. તેણે આપેલો રિપોર્ટ ૧૯૫૧માં બહાર પડ્યો.* તેણે તેમાં એક એવું વિધાન કર્યું કે જેથી ઉત્તર હિંદનાં હિંદી મંડળોમાં ખળભળાટ પેદા થયો.

આ વિધાન એ હતું કે, બંધારણ જોતાં, ઉત્તર પ્રદેશની હિંદી ભાષાનો ઉલ્લેખ તેની યાદી નં. ૮ માં છે. પણ સંઘભાષા હિંદી તે નથી, જોકે નામ બંનેમાં એક છે. સંઘભાષા હિંદીની વ્યાખ્યા કલમ ૩૫૧માં છે, કે જ્યાં એમ કહ્યું છે કે, આ ભાષા એ છે કે જે ૮મી યાદીમાં જણાવેલી હિંદી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી, મલયાળી, તામિલ વગેરે ૧૪ ભાષાઓની મદદથી ખીલશે. રાજ્યોની શાળાઓમાં તથા લોકોમાં આ ભાષાનો પ્રચાર કરવાનો રહે છે. હિં૦ સા૦ સંમેલને તો સ્પષ્ટ કહ્યું હતું કે, તે તો પોતાની ભાષાને સમજે છે અને માને છે કે, તે ઉર્દૂ હિંદુસ્તાનીથી જુદી જ ભાષા છે ! આ પરથી સ્પષ્ટ થાય છે કે, હિં૦ સા૦ સંમેલને બંધારણ પરત્વે ગ્રહણ કરેલી નીતિ બરોબર નહોતી. અને તેથી મુંબઈ સમિતિએ એમેય કહ્યું કે, તેની પરીક્ષાઓને સરકાર માન્ય રાખી ન શકે, કારણ કે સરકાર તો એ જ સંસ્થાની પરીક્ષાને માન્ય રાખી શકે કે જે બંધારણને સ્વીકારીને ચાલતી હોય.

૬

પરંતુ ઉપર કહ્યાં તે રાજદ્વારી વગેરે પરિસ્થિતિનાં નવાં જાગેલાં દબાણોને લઈને, આ મુદ્દો, ખરો અને માન્ય કરવો પડે એવો છતાં, આજ સુધી સરકારની નીતિમાં કે તેનાં કામમાં ઊતરતો નથી અને તેની ચોખવટ

* આ રિપોર્ટનો સાર પરિ૦ ૬માં જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ થતી નથી. પરિણામે આખી પરિસ્થિતિ ગૂંચાઈને ઠરીઠામ ઊભી છે. બીજા જ ક્ષેત્રનો દાખલો આપીને કહું તો, કાશ્મીર પર પાકિસ્તાને હલ્લો કર્યો તે મૂળ મુદ્દો સ્વીકાર્યા વગર જેમ 'યુનો' ફાંફાં મારે છે, એવું જ કાંઈક હિંદી પ્રચાર અને તેના કામકાજ અંગે આજે થઈ રહ્યું છે. મૂળ મુદ્દો સ્પષ્ટ થવો જોઈએ, કે જેને રાજકીય વર્ચસ્વના ક્ષેત્રમાં ઘસડી જવાથી વળી વધુ ખરાબી થતી જાય છે.

આથી શિક્ષણતંત્રમાં પણ સુધારાને બદલે પીછેહઠ જ થઈ રહી છે. આથી કરીને, હિંદીની પરીક્ષાઓને માન્યતા આપવાના કામમાં પણ નીતિ સાફ બનતી નથી. બલ્કે વડી સરકાર પણ અત્યારે ચોખ્ખું ભૂલભરેલું વલણ બતાવે છે કે શું, એવો ડર પેદા થયો છે. હિંદી પ્રચારનું કામ જો ખરેખર બંધારણના આદેશ અનુસાર ચાલવું જોઈએ, — અને તેમાં કશી કોઈને શંકા નથી, — તો પછી ઉપરની નીતિ અખત્યાર કરવી જોઈએ, એ ઉઘાડું છે. જે સંસ્થા કે પ્રચારકાર્ય બંધારણની ભાષાકીય દૃષ્ટિ અને નીતિ ન માને, તેને સરકારી માન્યતા કેવી રીતે મળી શકે?

૬

રાષ્ટ્રીય કેળવણીમાં હિંદી અને અંગ્રેજીનું સ્થાન

૧

રાજવહીવટના અને ઉચ્ચ કેળવણીના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને તેના અસ્વાભાવિક અને તેથી અઘટિત સ્થાનમાંથી ખસેડવી એ કાર્ય, હિંદના બંધારણ હેઠળ આપણને જે રાષ્ટ્રીય મહત્ત્વનાં કાર્યો હાથ ધરવાની હાકલ થઈ છે, તેમાં સૌથી વધુ અગત્યનું છે. રાષ્ટ્રના સમગ્ર જીવન ઉપર તેની અસર અવશ્ય ક્રાંતિકારી નીવડે તેવી છે. હિંદમાં તેના અત્યાર સુધીના ઇતિહાસમાં સંસ્કૃત, ફારસી અને અંગ્રેજી ભાષાઓ રાષ્ટ્રની સામાન્ય ભાષાઓ તરીકે આવી છે. પરંતુ તે ભાષાઓ માત્ર મૂઠીભર લોકોને જ આવડતી હતી. એ ભાષાઓ જનતાની ભાષાઓ ન હતી; તેઓ નાના વર્ગોની જ ભાષાઓ હતી. તેથી કરીને એ ભાષાઓ આપણે જે લોકશાહી તંત્ર હવે સ્થાપવા ઇચ્છીએ છીએ, તેની સ્થાપનામાં મદદગાર કે હિતકર નીવડી ન શકે. દેશના ઇતિહાસમાં આપણે કદાચ પહેલી વાર સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસની ભાષાઓને તેના રાજવહીવટ અને કેળવણીના માધ્યમ તરીકે લાવવાનો લોકશાહી અખતરો હાથ ઉપર લીધો છે.

પરંતુ આપણો દેશ બહુ-ભાષી હોવાથી, આપણા એ અખતરા માટે સાથે સાથે એક આંતર-ભાષા પણ અવશ્ય જોઈએ જ. એટલે આપણે નક્કી કર્યું કે, એ ભાષા આપણામાંના સૌથી વધુ સંખ્યાના લોકો જેને જાણે છે એવી હિંદી ભાષા હશે; સંસ્કૃત, ફારસી અથવા અંગ્રેજી જેવી અલ્પસંખ્યક લોકોની ભાષા એ નહીં હોય, ભલે ને પછી તેઓ ગમે તેટલી સમૃદ્ધ કે વિકસિત હોય. પરંતુ એ નિર્ણય આપણા ઉપર એક ભારે જવાબદારી નાખે છે. જો એને અદા કરવામાં આપણે સફળ નીવડીએ, તો આપણો એ પ્રયત્ન જ આપણા સ્વપ્નના નવા હિંદને—લોકશાહી-યુક્ત અને સમાનતા-મૂલક સમાજને — સર્જવામાં મદદગાર બની રહેશે. તેથી કરીને, હિંદના બંધારણે સ્વીકારેલ ભાષાકીય આયોજન અને નીતિ, નૂતન હિંદના — અર્થાત્ આઝાદ તથા લોકશાહી યુક્ત, સર્જનોન્મુખ તથા સમાનતા-મૂલક હિંદના — પુનર્નિર્માણમાં સૌથી વધુ યુગ-પ્રવર્તક બાબત છે.

૨

બંધારણના એ ભાષાકીય આયોજન ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, આ મહાન પુનર્રચનાનું કાર્ય, આપણે આપણી મહાન રાષ્ટ્રભાષાઓનો અને આંતર-ભાષા હિંદીનો ડહાપણપૂર્વક ઉપયોગ કરીને અંગ્રેજી ભાષાને ખસેડવા દ્વારા સાધવાનું છે. એ આંતરભાષા હિંદી, આપણો દેશ જે તેની જંગી ભાષાકીય સમૃદ્ધિથી વિભૂષિત થયેલો છે, તેમાં એક વધારાના ઉમેરારૂપ થશે.

આપણો એ પ્રયત્ન સફળ થાય તે માટે દેશના બધા ભાષાકીય સમૂહો વિકૃત હરીફાઈ તથા અંદર અંદર ઊંચનીચતાના ભાવથી મુક્ત થઈને એકત્રિત અને સંમીલિત પ્રયત્ન કરે, એ અતિ આવશ્યક છે. આંતરભાષા હિંદી, એ સમૂહોમાંના એકની પ્રાદેશિક ભાષા પણ છે. પરંતુ તેથી તે ભાષાએ બીજી ભાષાઓ કરતાં શ્રેષ્ઠતાનો કશો ખ્યાલ ધારણ કરવો કે દાખવવો ન ઘટે; તથા લોકોની તેના જેવી બીજી પ્રાદેશિક કે પાયાની ભાષાઓનાં ક્ષેત્ર પચાવી પાડવાનો ખ્યાલ ન રાખવો જોઈએ.

આ વસ્તુ અહીં કહેવાની જરૂર એ માટે છે કે, ભણેલા લોકોના રાજ્યકર્તા-વર્ગમાં તથા અવાજ ઉઠાવી શકે તેવા વર્ગમાં એવી માન્યતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા પણ છે કે જેઓ, અંગ્રેજી ભાષાએ તેમનાં ચિત્તમાં પાડી આપેલા જૂના ચીલાઓની રીતે વિચારીને, એવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે કે જ્યાં લોકોની પોતાની જ નહીં પણ બીજી — એટલે કે આંતરભાષા હિંદીની જ બોલબાલા હોય. પરંતુ એ તો ઉઘાડું છે કે, બંધારણનો આદેશ કે કલ્પના એવાં હરગિજ નથી. આપણે અંગ્રેજી વ્યવસ્થાની નવી આવૃત્તિ જ નથી જોઈતી; ભલે પછી તે હિંદી મારફતે સાધવામાં આવતી હોય.

૩

આ માન્યતાવાળાઓની બરાબર વિરુદ્ધમાં અહિંદીભાષી પ્રદેશોમાં એવી માન્યતાવાળો વર્ગ છે કે જે 'જૈસે થે'ની નીતિને વળગી રહીને અંગ્રેજી ભાષાને જ ચાલુ રાખવાનો આગ્રહ કરે છે. તે વર્ગના લોકોને જો અંગ્રેજીનો ઉપયોગ ચાલુ રાખવા દેવામાં આવે, તો તેની સાથે સાથે તેઓ રાષ્ટ્રની બીજી સામાન્ય ભાષા તરીકે હિંદીને મૂકવા દેવામાં વાંધો ન ઉઠાવે. તેથી, આ માન્યતાવાળાઓ, અત્યારે ચાલે છે તેમ, શાળાઓમાં અંગ્રેજી મારફત કેળવણી આપવાનું ચાલુ રાખવા ઇચ્છે છે; અને હિંદીને લગતી બંધારણની કલમને માન આપવા ખાતર તેઓ, જેને શીખવી હોય તેને, — પણ ફરજિયાતપણે નહીં, — હિંદી શિખવાડવાની છૂટ રાખે ખરા. અર્થાત્, તેઓ ભાષાકીય ફેરબદલાને બને ત્યાં સુધી ટાળવા ઇચ્છે છે.

તેમની આખી દલીલનો સાર એ છે કે, અંગ્રેજી ભાષા એ તો આપણા માજી રાજ્યકર્તાઓ પાસેથી આપણને વારસામાં મળેલ એક રાષ્ટ્રીય બક્ષિસ છે. તે ભાષા આપણે માટે આધુનિક વિદ્યાની અને ખાસ કરીને વૈજ્ઞાનિક વિદ્યાની પાઇપ-લાઇન બનેલી છે. હું એ વિધાનની ચકાસણી કરવા અહીં નહીં બેસું; પણ એટલું જરૂર કહું કે, પાઇપ-લાઇનો તો અનેક છે — જગતમાં જેટલા લોકો છે તેટલી છે; પરંતુ, જીવન-લાઇન તો એક જ છે અને તે લોકની માતૃભાષા. આપણામાં જે કાંઈ ઉત્તમ અંશો છે, તે બધા તે જીવા-દોરી દ્વારા પોષણ પામે તો જ વિકસી શકે અને ખીલી શકે. તેથી જ આપણે આપણી એ જીવા-દોરીનો ઉદ્ધાર કરવો જોઈએ; અને તે જીવા-દોરી, પછી, આપણે જે ચીલામાં ખૂંપી જઈને રસ્તો ખોઈ બેઠા છીએ, તેમાંથી આપણો ઉદ્ધાર કરશે.

બંધારણની દૃષ્ટિએ જોઈએ તો, અંગ્રેજીને ચાલુ રાખવા ઇચ્છનારા આ લોકોની માન્યતા પણ, પેલી પ્રથમ જણાવેલી માન્યતા જેટલી જ ખોટી છે. અંગ્રેજી ચાલુ રાખવાની વાત તો નભી શકે તેમ જ નથી; સિવાય કે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી કાયમ રાખવા તૈયાર જ હોઈએ, અને એ રીતે બંધારણના ભાષાને લગતા વિભાગનું તેમ જ આપણી બધી રાષ્ટ્રીય ભાષાઓની પૂર્તિરૂપ માધ્યમ પૂરું પાડી શકે તેવી એક સામાન્ય રાષ્ટ્રભાષા પોતાને માટે ઊભી કરવાના રાષ્ટ્રના અર્ધી સદી ઉપરાંતના પુરુષાર્થનું ખંડન કરીએ. એ આંતર-ભાષાનું માધ્યમ પછી આપણી મૂળભૂત એકતાને અનુભવવાનું અને જીવવાનું સાધન પણ બની રહે. પરંતુ એ એકતા કોઈ અખંડ શિલા જેવી એકતા નહીં; પણ આપણો દેશ પોતાની મહાન સાંસ્કારિક અને પ્રજાકીય સિદ્ધિરૂપ જે મૂળભૂત એકતા ધરાવે છે, તેની ભૂમિકા ઉપર સર્જનાત્મક અને જીવંત વિવિધતારૂપ એ એકતા હોય.

૪

ઉપર જણાવેલા ધ્યેયને અમલમાં મૂકવા માટે તેની વ્યાવહારિક વિગતો જોઈ કાઢીને આપણી આખી પ્રજા માટેનો રચનાત્મક કાર્યક્રમ તૈયાર કરવાની ફરજ, બંધારણ હેઠળ, આપણે માથે છે. સૌથી પ્રથમ તો હિંદના બંધારણની ૪૫ મી કલમ અનુસાર વિદ્યાર્થીને ૧૪ વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત કેળવણી આપવાની જે રાષ્ટ્રીય યોજના છે, તેમાં આંતર-ભાષાના શિક્ષણને કાયમીપણે ફરજિયાત બનાવી દેવું જોઈએ, એ ઉઘાડું છે. આ વસ્તુ અંગ્રેજીને ખસેડવાના અને હિંદીના ઉપયોગ ક્રમે ક્રમે વધારવા માટેના લાંબા ગાળાના પગલારૂપ બનશે. ટૂંકા ગાળાના પગલા તરીકે હિંદની બધી સરકારોના વહીવટી નોકરોને, આ ભાષાકીય ફેરબદલાની તાત્કાલિક જરૂર પૂરતું, આંતરભાષાનું શિક્ષણ આપવાનું કામ હશે. એ પણ ફરજિયાત ધોરણે જ કરાવું જોઈએ. પહેલું પગલું બિનસરકારી અથવા લોકવિભાગને આવરી લે છે; ત્યારે બીજું પગલું સરકારી નોકરોના વિભાગને આવરી લે છે; તેથી કરીને મુખ્યત્વે તે પ્રવૃત્તિ સરકારી કાબૂ હેઠળની અને સરકારે યોજેલી હશે.

૩૫૧મી કલમમાં સંઘ-સરકારને એવો આદેશ આપવામાં આવ્યો છે કે, તેમાં વ્યાખ્યા કરી બતાવેલી 'હિંદી ભાષાના પ્રચારને ઉત્તેજન આપવાની' તેની ફરજ રહેશે. ઉપરની વસ્તુસ્થિતિના અનુસંધાનમાં જોઈએ તો સંઘ-સરકારની એ અનિવાર્ય ફરજ બની રહે છે. સંઘ-સરકાર બંધારણ હેઠળની પોતાની આ ફરજ, આખા દેશની શાળાઓમાં હિંદી ફરજિયાત વિષય બને એમ કરવા દ્વારા જ અદા કરી શકે, એ ઉઘાડું છે. બંધારણે કલ્પેલા ફેરબદલામાં એ જ પ્રથમ પગલું હશે. હિંદના બધા પ્રદેશમાં આ નવી સરકારી ભાષાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચાર સિદ્ધ કરવા માટે આમ કરવું એ આવશ્યક પ્રથમ પગલું છે તેની જોગવાઈ કરવા, જરૂર પડે તો, બંધારણમાં સુધારો કરી લેવો જોઈએ.

૫

સ્વાભાવિક રીતે જ કેટલાક લોકો આ જાતના ફરજિયાતપણાની સામે દલીલ કરશે અને તેના સમર્થનમાં મદ્રાસ તરફની હિંદી-વિરોધી ચળવળ ટાંકશે. એ મુદ્દાનો અવશ્ય જવાબ આપવો જ જોઈએ. ફરજિયાતપણું બે પ્રકારનું હોય છે. એક તો ફરજિયાત અભ્યાસક્રમો નિયત કરવા તથા લોકો માટે દેશના લોકશાહી બંધારણમાં ઠરાવેલા આદર્શો અને વિચારોને ઠીક ઠીક અમલમાં લાવી શકે એવી રાષ્ટ્રીય કેળવણીની પદ્ધતિ યોજવી એ જાતનું. લોકશાહી તંત્રમાં આ વસ્તુ તો રાજ્યની કાયદેસર ફરજ ગણાય છે. એમ પણ કહી શકાય કે, બધી શાળાકીય કેળવણી અમુક પ્રમાણમાં આવા ફરજિયાતપણા ઉપર નિર્ભર હોય છે. પરંતુ જેનો વિરોધ કરવામાં આવે છે, તે આ જાતનું ફરજિયાતપણું નથી. એ ફરજિયાતપણું તો બીજા પ્રકારનું છે; અર્થાત્ અહિંદી-ભાષી રાજ્યના વહીવટમાં જ્યાં શિક્ષણ તથા રાજ્ય-વહીવટના માધ્યમ તરીકે ત્યાંની પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કાયદેસર તથા ઉચિત ગણાય, ત્યાં હિંદી માધ્યમની માગણી કરવી અથવા તેને બળાત્કારે લાદવું એ જાતનું ફરજિયાતપણું. એ વસ્તુ ઉઘાડી રીતે બિન-લોકશાહી છે, અને તે જોરજુલમ જેવી અવશ્ય લાગવાની જ. અને જો ઉઘાડા કે છૂપા કોઈ પણ માર્ગે તેને લાદવામાં આવે, તો તે વસ્તુ કેળવણી અને સંસ્કારની દૃષ્ટિએ ખરાબ તથા હાનિકારક, અને રાજકીય દૃષ્ટિએ વિઘાતક, તથા વ્યવહારુ દૃષ્ટિએ જોતાં હિંદીના પ્રચારની બાબતમાં પોતાના જ પગ ઉપર કુહાડો મારવા જેવી નીવડે.

૬

મેં ઉપર જણાવ્યું કે, રાજ્યોની સરકાર ઉપર તેમની શાળાઓમાં હિંદીના ફરજિયાત શિક્ષણને દાખલ કરવાની સીધી ફરજ નાખવાની સત્તા અને લાગવગ સંઘ-સરકાર પાસે હોવાં જોઈએ. માતૃભાષા દ્વારા શિક્ષણના હકને અબાધિત રાખવા રાજ્યપુનર્રચના કમિશને સૂચવ્યા પ્રમાણેનો સુધારો પસાર કરવાથી એ હેતુ સરી રહેશે. તે સુધારામાં એમ પણ કહેવામાં આવ્યું હોય કે, દરેક રાજ્ય તથા રાજ્યમાંની દરેક સ્થાનિક સત્તાએ, બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટેના ગાળામાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછામાં ઓછાં છેલ્લાં ત્રણ વરસ, બધા વિદ્યાર્થીઓને સંઘની રાજભાષામાં ફરજિયાત શિક્ષણ આપવાની પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

હાલમાં તો સામાન્ય રીતે હિંદમાં શાળાનાં આ વર્ષો દરમ્યાન અંગ્રેજી ભાષા શીખવવામાં આવે છે. એમાં ફેરફાર કરીને આપણી રાષ્ટ્રીય કેળવણીની યોજનામાં ભાષાઓના અભ્યાસના ક્રમમાં બીજી ભાષા તરીકે અંગ્રેજીને બદલે હિંદીને લાવવી જોઈએ. અંગ્રેજીનું શિક્ષણ તો ફરજિયાત શિક્ષણની ઉંમર પૂરી થયા બાદ, ઉચ્ચ માધ્યમિક કક્ષાએ અભ્યાસ શરૂ થાય ત્યારે જ, નિયત કરવું જોઈએ. જેઓ અંગ્રેજીને પોતાની માતૃભાષા ગણાવતા હોય, તેમની વાત એ નિયમમાંથી અલગ રહે. બધા કબૂલ કરે છે કે, બંધારણે કલ્પેલી કેળવણી વિષયક યોજનામાં માતૃભાષાને, અને શાળાના આશરે પાંચમા વર્ષે હિંદીને, એમ બે જ ભાષાઓને સ્થાન હોઈ શકે.

૭

કેટલાક લોકો એમ કહે છે કે, ફરજિયાત શિક્ષણની ૧૪ વર્ષની મર્યાદાની અંદર પહેલેથી અંગ્રેજીનો અભ્યાસ શરૂ કરી શકાય. આ વસ્તુ છેક જ બિન-જરૂરી તથા બંધારણ હેઠળની ભાષાકીય નીતિની આવશ્યકતાઓ બહારની છે. અંગ્રેજી પ્રત્યે દાખવવામાં આવતી આ બિનજરૂરી લાગણી માત્ર 'જ્યાં છીએ ત્યાં જ કાયમ' રાખવામાં મદદગાર નીવડશે અને હિંદીને આગળ પ્રગતિ કરવા નહીં દે. અંગ્રેજી ભાષાના અભ્યાસને ખસેડીને તેની જગ્યાએ હિંદી ભાષાના અભ્યાસને લાવવો એ જ વસ્તુ, અત્યારના આપણા દેશના વાતાવરણમાં, આપણે જે ભાષાકીય ક્રાંતિનો નિશ્ચય કર્યો છે, તેની સાચી તમન્નાની નિશાની રૂપ થશે. રાષ્ટ્રીય કેળવણીની પુનર્રચનાના સામાન્ય સિદ્ધાંત તરીકે આ વસ્તુ સ્વીકારવામાં ન આવે, ત્યાં સુધી ભાષાકીય ફેરબદલીને શરૂ થવા માટે ભાગ્યે અનુકૂળ વાતાવરણ તેને મળે અથવા તો તેની ન્યાયી ચકાસણી કે શુભ શરૂઆત થવાની કોઈ તક તેને ભાગ્યે પ્રાપ્ત થાય.

ઉપરનો સિદ્ધાંત પાયાની કેળવણીના ખ્યાલો સાથે પૂરેપૂરો સુસંગત છે; અને પાયાની કેળવણીને તો દેશમાં દાખલ કરવાનો આપણે નિર્ણય લીધો છે. ઊલટું એમ કહી શકાય કે, આપણી ફરજિયાત કેળવણીની નીતિમાં જ્યાં સુધી હિંદી અને અંગ્રેજીના સ્થાન બાબત ઉપર જણાવેલી નીતિ રાષ્ટ્રીય ધોરણે ન અપનાવવામાં આવે, ત્યાં સુધી પાયાની કેળવણી પોતે ટકી શકે કે ફાલીફૂલી શકે તેવો સંભવ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

હિંદી કે અંગ્રેજી?

આંધ્રથી એક ભાઈ કેટલાક વખતથી મારી જોડે, આંતરભાષા તરીકે હિંદીનો ઉપયોગ કરવો કે અંગ્રેજીનો, એ વિષે પત્રવ્યવહાર કરે છે. તે સરકારી નોકર છે. મારી અંગ્રેજી ચોપડી 'અવર લૅન્ગ્વેજ પ્રૉબ્લેમ' વાંચીને તેમણે મને લખ્યું કે, દેશની પ્રદેશભાષા વિષે તમે કહો છો એ ખૂબ સચોટ છે; પણ રાષ્ટ્રની આંતરભાષા તરીકે હિંદી લો અને અંગ્રેજી બદલી કાઢો, એ તેટલું તમે ગળે નથી ઉતારી શકચા.

અને આવા મતના બીજા અનેક હશે એમ માનવું જોઈએ; કેમ કે નહીં તો બંધારણે નક્કી કરેલી, અંગ્રેજીને બદલે હિંદીને આંતરભાષા કરવાની આ વસ્તુ પારત્વે અત્યારે જે પ્રતિક્રાંતિ જોર કરે છે, એવું ન બનત. આજે આપણે જોઈએ છીએ કે, શ્રી રાજાજી જેવા પણ આ જે નવું મોજું અત્યારે ઊઠે છે, તેમાં છે. તેથી આ વસ્તુ ઊંડે જઈને જોવી જોઈએ.

એ તો ઉઘાડું છે કે, સ્વરાજ કે સ્વતંત્રતા આવી તેની સાથે આપણી પ્રજા ઝપાટાભેર તેનું પુનર્નિર્માણ કરવાને પંથે વળી છે. અને તે પંથે આપણે મોટી મોટી મજલો કાપવા મંડ્યા છીએ, એ પણ ખરું. દોઢ બે સૈકાંથી ગુલામીમાં ગોંધાઈ રહેલી પ્રજાશક્તિ પહેલી વાર છૂટે, ત્યારે આમ બને ને? ન બને તો જ નવાઈ.

એમ બનવાનું એક અને મોટું કારણ સ્વરાજની લડતનો આપણો ઇતિહાસ છે. તે ઘડનાર ગાંધીજી હતા. દેશના સ્વરાજની કાયા કેવી હશે એનું અમુક ચિત્ર એ પુરુષ પાસે હતું. તેને મૂર્તિમંત કરતા જવાને માટે તેમણે પ્રજાના આત્માને હાકલ કરી. એના માર્ગો તેમણે યોજ્યા, જેને રચનાત્મક કાર્યક્રમને નામે આજે ઓળખીએ છીએ. એમણે જ કહેલું—

'રચનાત્મક કાર્યક્રમને, બીજી રીતે તથા વધુ ઉચિત રીતે, સત્ય અને અહિંસાનાં સાધન વડે પૂર્ણ સ્વરાજ્યની રચના કહી શકાય.'

આમાં તેમણે બે વસ્તુ મૂકેલી તે અહીં પ્રસ્તુત છે—

૧. સ્વભાષાપ્રેમ;

૨. રાષ્ટ્રભાષા પ્રચાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બેમાંથી પહેલી વસ્તુ માનવાને હિંદમાં સૌ આજે તૈયાર છે. એટલે સુધી કે, ભાષાવાદનો ભય ઊભો થયો છે. બીજી વસ્તુ રાષ્ટ્રભાષાની હવે રહી. તે હવે એરણ ઉપર આવે છે. એ સવાલ ગરમ પણ થવા લાગ્યો છે. એ વિના બીજો ચારો નથી, કેમ કે હિંદના નવનિર્માણના પાયાની આ બાબત છે. આંતરભાષા હિંદી વગર સાચું હિંદ-સ્વરાજ કલ્પવું અશક્ય છે. તે સ્થાને અંગ્રેજી રહે, તો હિંદ લોકરાજ્ય નહીં, પણ અમુક ચપટીક (માંડ એક ટકો વસ્તી જેટલા) લોકનું વર્ગરાજ્ય જ બનીને રહે. ગાંધીજી એવા રાષ્ટ્રના પિતા બનવા નહોતા નીકળ્યા.

વાત એ છે કે, હિંદી પ્રચારકામ એ દેશની નવરચનાનું કામ છે, એવી કાંતદર્શી નજરથી જોઈ કાઢીને ગાંધીજીએ આ દેશમાં એ વસ્તુ ફેલાવી. સ્વભાષાપ્રેમની દૃષ્ટિએ તેમણે ભાષાવાર રાજ્યરચનાનો સિદ્ધાંત સૂચવ્યો હતો, તે દેશના વહીવટી નવનિર્માણ માટે હતો. તેમાં તત્ત્વ એ હતું કે, પ્રદેશરાજ્યોની પ્રજાનું બધું કામકાજ અને શિક્ષણ સ્વભાષામાં થઈ શકે. નવનિર્માણની આ વસ્તુ આપણે હાથ પર લઈને ગયે વરસે પતવી.

તે જ આધારે નવું મુંબઈ રાજ્ય રચાયું. જો મુંબઈ નગરી વિષે સર્વસંમતિ હોત, તો દોઢસો બસો વરસથી ગુજરાતી મરાઠી લોકોનું ભેગું ચાલતું રાજ્ય પણ જુદું થાત. પણ તેવી સંમતિ ન હોવાથી અને મુંબઈ નગર આગવું મહારાષ્ટ્રને આપવું એ ન્યાય નથી તેથી, બે ભાષાનું ભેગું રાજ્ય ચાલુ રહ્યું. પણ ભાષાના સિદ્ધાંત મુજબ બધા ગુજરાતી-ભાષી અને બધા મરાઠી-ભાષી લોકો ઇતિહાસમાં પહેલી વાર એક રાજ્યમાં એકઠા થયા. તેથી આ દ્વિભાષી કહેવાતું રાજ્ય પણ ભાષાના ધોરણે જ રચાયું, એ સ્પષ્ટ છે. અસ્તુ.

ભાષાવાર રાજ્યરચનાના સિદ્ધાંતનો જ બીજો ભાગ અને તેની અનિવાર્ય અનુપૂર્તિ છે — હિંદીને અંગ્રેજીને બદલે આંતરભાષા તરીકે લેવાની. આ વસ્તુ રાષ્ટ્રના બંધારણનો આદેશ છે. તેમાં દેશના લોકશાહી નવનિર્માણનો એક મોટો મુદ્દો સમાયેલો છે. તેને હવે અમલમાં ઉતારવાનો વખત પાકવા લાગ્યો છે.

અત્યારે અંગ્રેજીવાદી પ્રતિક્રાંતિવાળા વર્ગો છેવટની તેમની લડાઈ અજમાવી લેવા નીકળી પડ્યા છે, તે આથી જ. એટલે સવાલ એ ઊઠે છે કે, જીત કોની છે? બંધારણના આદેશની કે અંગ્રેજી રાજ્યે પેદા કરેલા ભણેલા વર્ગોના અંગ્રેજીવાદની સ્વાર્થી જમાતની?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લડાઈમાં નવો મુદ્દો ઈર્ષા અને ભાષાવાદી તથા રાજકીય સત્તાવાદી સંકુચિતતાનો પણ જાગ્યો છે. હિંદી જો આંતરભાષા થાય, તો ઉત્તરના લોકોને વિશેષ સરળતા પડે. આથી તેઓ ફાવે. એટલે ઉત્તરના લોકો એમની પ્રદેશભાષાનો સંકુચિત ખ્યાલ લઈને તેને સૌની ભાષા બનાવી અંગ્રેજીને કાઢવાની અતિ ઉતાવળ કરે છે. તેથી પૂર્વ તથા દક્ષિણ હિંદના લોકો વહેમાય છે અને સામેથી એમેય કહે છે કે, સંસ્કૃતને જ આંતરભાષા તરીકે કેમ ન લેવી? અને અંગ્રેજી હમણાં તો ચાલુ જ રાખો કહીને તે જ ભાષા ફરજિયાત ભણવાનું અને હિંદીને મરજિયાત ભણવાનું કહે છે.

આ રીતે તો અંગ્રેજી જ કાયમ રહે, એ ઉઘાડું છે. 'રાજ્યભાષા તરીકે હિંદીને લેવા ઉતાવળ ન કરો, અમને શીખવા દો', — એમ કહેવું એક વાત છે. પરંતુ 'અનિશ્ચિત સમય માટે અંગ્રેજી રાખો અને તે જ ફરજિયાત ભણો ભણાવો', એમ કહેવું એ તો આંતરભાષા તરીકે હિંદીને લેવાનો જ ઇન્કાર થઈ ગયો. અહિંદીભાષીઓ વખત માગવો ઘટે તો માગે; પણ આજથી હિંદી ફરજિયાત શીખવા મંડે નહીં, તો કચારેય પણ શી રીતે હિંદી અપનાવી શકાય? તેથી ઉપરની એમની દલીલ ન સમજાય એવી વાત છે. એમાં બંધારણનો જ ઇન્કાર કરવા જેવું થઈ રહે. અંગ્રેજીવાદી પ્રતિક્રાંતિ આજે જે જોવા મળે છે, તે આ બીજી વસ્તુને લઈને ચાલે છે.

હિંદના નવનિર્માણમાં આ જે જોવા મળે છે, તે ખતરનાક છે. એને હિંદની જાગ્રત પ્રજાએ પહોંચી વળવાનું છે. તેમાં બંધારણ જેવી મહાવસ્તુ તેના પક્ષમાં છે. કલમ ૩૫૧ માં બંધારણ સાફ કહે છે કે, સરકારે હિંદી ભાષાનો દેશમાં પ્રચાર કરવાનો છે અને તેને અંગ્રેજીને બદલે રાષ્ટ્રના કામમાં લેવાની છે.

કૉંગ્રેસ અને જવાહરલાલજીની સરકાર રાષ્ટ્રની આ પ્રતિજ્ઞાને બેવફા ન થઈ શકે. તો પછી તેણે એટલું તો કરવું જ જોઈએ કે, આખા દેશમાં શિક્ષણમાં હિંદીને ફરજિયાત સ્થાન આપવા માટે પગલાં લેવાં જોઈએ. જેમ S. R. C. ની ભલામણથી ૩૫૦ A, ૩૫૦ B, એવી કલમો બંધારણમાં મૂકી સ્વભાષાના માધ્યમનો સિદ્ધાંત કારગત કરાવ્યો, તેમ જ હવે જો નવ-નિર્માણના આ પ્રશ્નમાં આગળ વધવું હોય, તો તેણે તે પછી ૩૫૦ C કલમ ઉમેરીને કહેવું જોઈએ કે, હિંદમાં દરેક રાજ્ય કે તેની નીચેની જે સંસ્થા હોય તેની ફરજ ગણાશે કે, તે દેશની આંતરભાષા હિંદીને તેના ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસના બંધારણ-નિયત ફરજિયાત શિક્ષણનાં વરસોમાં સ્થાન આપશે. આ કામ દેશમાં જોગવવાની જવાબદારી રાષ્ટ્રપતિને સોંપવી જોઈએ. અને તે માટે તે ખાસ અધિકારી રાખી શકે. (કે જેવો પછાત કોમોની સેવા માટે તથા સ્વભાષા-માધ્યમની જવાબદારીને અદા કરવા માટે રાખી શકે છે, એમ બંધારણમાં છે.)

હિંદમાં ભાષાવાર રાજ્યપુનર્ઘટના અંગેનું કામ કર્યા પછી હવે રાજ્યભાષા વિષેનું બંધારણીય કામ ઉકેલવાનો પ્રશ્ન આપણી સામે આવે છે.

૮

ભૂલ ભરેલો વિચાર

વિદ્વાજગતમાં ડૉ. સુનીતિકુમાર ચૅટરજીને ઘણા જાણે છે. તે હિંદના એક જાણીતા ભાષાશાસ્ત્રી છે. રાષ્ટ્રપતિએ બે વરસ પર નીમેલા ભાષા કમિશનના તે (બંગાળી ભાષાના પ્રતિનિધિ) સભ્ય હતા. હમણાં જે સંસ્કૃત કમિશન કામ કરે છે, તેના અધ્યક્ષ છે.

તે હમણાં અન્નમલાઈ નગર (ચિદામ્બરમ્) ગયા હશે, ત્યારે ત્યાંની યુનિવર્સિટીના 'દ્રાવિડી ભાષાવિદ્યા વિભાગ'નું ઉદ્‌ઘાટન (એપ્રિલ ૯, '૫૭) કર્યું, તે વખતે જે બોલેલા તેનો સાર છાપાંમાં આવ્યો છે. તેમાં તેમણે કહ્યું :—

"'ભાષાવાદ'નો ભય રોકવાનું કામ હિંદના પ્રજાશરીરની સમજ-બુદ્ધિથી જ બને એમ છે. 'તે એમ સમજે તો જ બને કે, હિંદની મૂળ સંસ્કૃતિ એક છે.'

"તેમણે કહ્યું કે, જુદાં જુદાં રાજ્યોમાં ભાષાઓ પરત્વે જે અલગતાવાદી અને ઝનૂની સુધીની વૃત્તિ જોવા મળે છે, તે મૂળે જોતાં એ વાતને આભારી છે કે, 'હિંદી ભાષા, કે જે એક પ્રદેશભાષા છે' તેવા તેના પોતાના સ્થાન ઉપરાંત, તેને સમગ્ર દેશની સામાન્ય કે આંતરભાષા તરીકે મૂકવાનો પ્રયત્ન થાય છે. પૂર્વે અંગ્રેજી અને સંસ્કૃત ભાષા દેશના રાજ્યવહીવટની તથા ઉચ્ચ બુદ્ધિવિકાસની આંતરભાષા હતી. તે પ્રત્યે સૌની સરખી ભક્તિ હતી, જેનાં બૌદ્ધિક તથા સાંસ્કૃતિક કારણો ઉઘાડાં છે. તેમાં કશી ખાસ જણાઈ આવે એવી સાહિત્યિક કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંસ્કૃતિક પોતાની પરંપરા વિનાની એક કોઈ અર્વાચીન અને પ્રાદેશિક ભાષાને આગળ કરવાનો કશો આગ્રહભર્યો પ્રયત્ન નહોતો.' તેમણે કહ્યું, 'બધી આધુનિક ભાષાઓને છૂટ અને મોકળાશ હતી. દરેક ભાષા સૌ સાથે તદ્દન મેળ અને અનુરાગની સાથે ખીલતી હતી. એક જ પ્રદેશમાં પણ છૂપો કે ઉઘાડો કોઈ જાતનો વિરોધ બીજી ભાષા બોલનાર તરફથી હોતો નહીં.'" ('ટાઈમ્સ ઑફ ઇંડિયા', ૧૦-૪-'૫૭ માંથી)

અને એનો દાખલો આપતાં તેમણે કહ્યું કે, જુઓ મદ્રાસ રાજ્ય. ત્યાંની ચારે ભાષાઓ હળીમળીને પોતાનો વિકાસ સાધી શકે છે. વિજયનગર રાજ્યના જમાનાથી આ જાતની ઉદારતા વર્તતી આવી છે, એમેય એમણે કહ્યું. "આજે આપણને જોવા મળે છે એવી ભાષાકીય અસહિષ્ણુતા વગર" ચાલતું આવ્યું છે.

આમ એ બંગાળી વિદ્વાને હિંદી ભાષાવાદ કે સામ્રાજ્યવાદ વિષે કડક સમાલોચના કરી છે. તેમાં અમુક તથ્ય છે, જે આપણે ઉપર જોઈ ગયા. પરંતુ તેથી કરીને એમ કહેવું કે, હિંદી આંતરભાષા ન થાય, તો બરાબર નથી. અંગ્રેજી કે સંસ્કૃત તો હવે તે સ્થાન ન જ લઈ શકે, એ સમજવું જોઈએ. બંને કેવળ અમુક ફાવેલા વર્ગની જ ભાષા છે. સંસ્કૃત દ્વારા પ્રાચીન કાળમાં જેમ બ્રાહ્મણશાહી જન્મી, તેમ જ અર્વાચીન યુગમાં અંગ્રેજી તેવો જ ચાળો બતાવે છે. બલ્કે, તેના ચાળા જોવાથી સમજાય છે કે, સંસ્કૃત જેવી ભાષા પણ કેમ કરીને અમુક નાનકડા વર્ગના જ વર્ચસ્વ કે વર્ણ-શાહીનું કારણ બની શકી હશે. આજે સ્વરાજ આવતાં દેખાઈ આવે છે કે, અંગ્રેજી કેવળ વર્ગશાહીનું સાધન બની બેઠી છે. તેને દેશની આંતરભાષા ન બનાવી શકાય. એ સ્થાન હિંદીને જ મળી શકે અને બંધારણે આપ્યું છે. તે સ્થાન સાચવીને કાયમ કરવામાં ઉત્તર હિંદના લોક પોતાની ભાષાના અતિ-અભિમાનથી જે બાધા નાંખી રહ્યા છે, તે જાગ્રત થઈ જાય. નહીં તો શ્રી ચેટરજી બાબુ અને શ્રી રાજાજી વગેરે જેવા અંગ્રેજીની તરફેણ કરનારા વિચારધારી નાહકના ફાવશે. અત્યારે હિંદની આગેકૂચમાં મોટી ઘાંટી અહીંયાં આવી છે. એવી જબરી કે, આપણે તે અત્યારે હિંદી પ્રચાર કરીએ છીએ કે અંગ્રેજી પ્રચાર?—એમ પૂછવા મન થાય છે. બંધારણ આ બાબતમાં સ્પષ્ટ આદેશ આપે છે કે, નહીં કે અંગ્રેજી, પણ હિંદીનો પ્રચાર દેશે કરવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

૧

વડી સરકારની હિંદી પરીક્ષા માન્યતા સમિતિ

વડી સરકારના શિક્ષણ ખાતાએ આ સમિતિ ૧૯૫૩માં નીમી હતી. ૧૯૫૬ના અંત ભાગમાં તેણે પોતાનો હેવાલ સરકારને પેશ કર્યો હતો.

તેને એ કામ સોંપવામાં આવ્યું હતું કે, "દેશની અનેક હિંદી (પ્રચાર) સંસ્થાઓ હિંદીની જે પરીક્ષાઓ ચલાવે છે, તેમનું ધોરણ કેવું છે તે વિચારવું અને તેમને માન્યતા આપવા વિષે ભલામણો કરવી."

સમિતિનો હેવાલ સરકારે પ્રસિદ્ધ કર્યો કે નહીં તે ખબર પડી નથી. પણ તેની મુખ્ય ભલામણ, જે માન્યતા સંબંધી, તે વિષેનો સાર છાપાંમાં આવ્યો હતો. સમિતિએ માન્યતા આપવામાં એવી શરત કરી છે કે,

૧. તે ચલાવનાર સંસ્થા જાહેર રજિસ્ટર્ડ હોવી જોઈએ. ઓછામાં ઓછાં ૫ વરસથી તે હિંદીની સેવા કરતી હોવી જોઈએ.

૨. તેના કામકાજ ઇ૦ થી એ બરોબર સાબિત થવું જોઈએ કે, બંધારણે નક્કી કર્યા મુજબ અને ૩૫૧ મી તેની કલમમાં બાંધેલી હિંદી પ્રચાર વિષેની વ્યાખ્યા પ્રમાણે તે સંસ્થા કામ કરે છે.

આ મુજબ માન્યતા આપવી હોય તો વર્ધા સમિતિ વગેરે અને તેના જેવી કે તેની સંસ્થાઓ માન્યતા ન પામી શકે એ ઉઘાડું છે. આ વસ્તુ પણ સદરહુ સમિતિના હેવાલમાં ઊતરી છે. પરંતુ નવાઈ એ છે કે, અત્યાર સુધીમાં વડી સરકારે માન્યતા આપવાના જે હુકમ બહાર પાડ્યા છે, તે ઊલટા હિંદી સાહિત્ય સંમેલનની જ પરીક્ષા માટે! અને અવધિ તો એ વાતની છે કે, બીજી સંસ્થાઓ વિષે હજી કાંઈ કર્યું જ નથી! કાંઈ નહીં તોપણ પ્રદેશ-રાજ્યની સરકારોએ જે પરીક્ષાઓને પોતાને ત્યાં ઉપરને ધોરણે માન્ય રાખી હોય, તેને વડી સરકારે માન્યતા આપવી જોઈતી હતી. આવી નીતિ હિંદી પ્રચાર પરત્વે પેસી ગઈ છે, તેથી આ રાષ્ટ્રીય રચનાત્મક કામમાં દુઃખદ ગૂંચવાડા અને ઢીલાશ વગેરે પેસવા પામ્યાં છે. એટલે સુધી કે, હવે હિંદી પ્રચારને બદલે ખુદ વડી સરકારે હવે જાણે અંગ્રેજી-પ્રચાર શરૂ કરી દીધો છે કે શું, એવું આજે તો ચાલે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

રાજભાષા વિષે બંધારણનું પ્રકરણ

[તેના વિભાગ ૧૭ની કલમ ૩૪૩થી ૩૫૧]

૧

સંઘની સરકારી ભાષા

૩૪૩ (૧) સંઘની સરકારી ભાષા દેવનાગરી લિપિમાં હિંદી રહેશે. સંઘનાં સરકારી કામકાજને માટે વાપરવાના આંકડાનું રૂપ ભારતીય આંકડાઓનું આંતરરાષ્ટ્રીય (એટલે કે અંગ્રેજી) રૂપ રહેશે.

(૨) આ કલમની પેટાકલમ (૧)માં ગમે તે આવતું હોય તેમ છતાં, આ બંધારણના પ્રારંભથી ૧૫ વર્ષ સુધી, તે પ્રારંભકાળે અંગ્રેજી ભાષા જે કોઈ સરકારી કામકાજને માટે વપરાતી હોય, તે બધાં કામકાજોને માટે તેને વાપરવાનું ચાલુ રહેશે.

અહીંયાં એટલી નોંધવાઈ કરવામાં આવે છે કે, એ ૧૫ વર્ષના ગાળામાં, સંઘના કોઈ પણ સરકારી કામકાજને માટે, અંગ્રેજી ભાષા ઉપરાંત હિંદી ભાષા અને ભારતીય આંકડાનાં આંતરરાષ્ટ્રીય રૂપો ઉપરાંત તેનાં દેવનાગરી રૂપોનો ઉપયોગ સત્તાવાર કરી શકાય એવો હુકમ રાષ્ટ્રપતિ (એટલે ભારતસંઘના પ્રમુખ–'પ્રેસિડેન્ટ') કાઢી શકશે.

(૩) આ કલમમાં ગમે તે આવતું હોય તેમ છતાં, ઉપર કહેલા ૧૫ વર્ષના ગાળા પછી, રાષ્ટ્રસભા (ભારતની પાર્લમેન્ટ) કાયદો કરીને, તેમાં જણાવી શકશે કે, અમુક તેમાં સ્પષ્ટ બતાવેલાં કામકાજને માટે,

(ક) અંગ્રેજી ભાષા, અથવા

(ખ) દેવનાગરી આંકડા

વાપરી શકાશે.

૩૪૪ (૧) આ બંધારણના પ્રારંભ પછી પાંચ વર્ષ પૂરાં થયે અને ત્યાર બાદ તેના પ્રારંભને ૧૦ વર્ષ પૂરાં થયે, રાષ્ટ્રપતિએ, હુકમ કાઢીને, એક કમિશન નીમવું જોઈશે, જેના એક ચેરમેન ઉપરાંત બીજા સભ્યો હશે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમની નિમણુક રાષ્ટ્રપતિ કરશે; આ બીજા સભ્યો યાદી નં. ૮માં* જણાવેલી જુદી જુદી ભાષાઓનું પ્રતિનિધિત્વ ધરાવનારા હશે. અને એ કમિશને કઈ કાર્યપદ્ધતિ અખત્યાર કરવી જોઈશે, તે પણ એ હુકમમાં સ્પષ્ટ કરવામાં આવશે.

(૨) આ કમિશને રાષ્ટ્રપતિને નીચેની બાબતો વિષે ભલામણો કરવી જોઈશે —

(ક) સંઘનાં સરકારી કામકાજે માટે હિંદી ભાષાનો ઉત્તરોત્તર વધારે ઉપયોગ કરવા અંગે;

(ખ) સંઘનાં બધાં કે કોઈ અમુક સરકારી કામકાજ માટે અંગ્રેજી ભાષાના ઉપયોગ પર બંધી મૂકવા અંગે;

(ગ) આ બંધારણની ૩૪૮મી કલમમાં જણાવેલાં બધાં કે કોઈ અમુક કામકાજને માટે કઈ ભાષા વાપરવી તે અંગે;

(ઘ) સંઘના ચોકસ બતાવેલ કોઈ એક કે વધુ કામકાજને માટે આંકડાનું કયું રૂપ વાપરવું તે અંગે;

(ઙ) સંઘની સરકારી ભાષા વિષે તથા આંતરપ્રાંતીય વહેવારની ભાષા વિષે અને તેમના ઉપયોગ વિષે, બીજી જે કોઈ પણ બાબત રાષ્ટ્રપતિ કમિશનને સોંપે તે અંગે;

(૩) આ કલમની પેટાકલમ (૨) મુજબની પોતાની ભલામણો કરવામાં, કમિશને ભારતની ઔદ્યોગિક, સાંસ્કૃતિક તથા વૈજ્ઞાનિક પ્રગતિનો, તથા સરકારી નોકરી અંગે અ-હિંદીભાષી પ્રદેશોના ન્યાયી હકો તથા હિતનો ખ્યાલ રાખવો જોઈશે.

(૪) ત્રીસ સભ્યોની એક સમિતિ રચવામાં આવશે, જેમાંના ૨૦ જણ લોકસભાના સભ્યો હશે અને ૧૦ જણ રાજ્યસભાના સભ્યો હશે; આ સભ્યોને તેમની જે તે સભા (એટલે કે લોકસભાના ૨૦ ને લોકસભા અને રાજ્યસભાના ૧૦ને રાજ્યસભા) ચૂંટશે, જે ચૂંટણીની રીત ઉમેદવારની પસંદગીનો ક્રમ બતાવતી ક્રમિક મતની એકકા-પદ્ધતિથી પ્રમાણ-પ્રતિનિધિત્વ સાધવાની હશે.

---

* આ અંગેના બંધારણની યાદી ૮ના તેના પરિશિષ્ટમાં નીચેની ભાષાઓ ગણાવી છે: ૧. આસામી, ૨. બંગાળી, ૩. કન્નડ, ૪. ગુજરાતી, ૫. હિંદી, ૬. કાશ્મીરી, ૭. મલયાલમ, ૮. મરાઠી, ૯. ઊડિયા ૧૦. પંજાબી, ૧૧. સંસ્કૃત, ૧૨. તામિલ, ૧૩. તેલગુ, ૧૪. ઉર્દૂ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) આ કલમ મુજબ રચાયેલા કમિશને કરેલી ભલામણોને તપાસવી અને તે વિષેનો પોતાના મતનો રિપોર્ટ રાષ્ટ્રપતિને કરવો, એ આ સમિતિનું કાર્ય રહેશે.

(૬) આ બંધારણની ૩૪૬ કલમમાં ગમે તે આવતું હોય તેમ છતાં, આ કલમની પેટાકલમ (૫)માં કહેલા રિપોર્ટ પર વિચાર કરીને, રાષ્ટ્રપતિ તે રિપોર્ટના બધા કે અમુક ભાગ પ્રમાણે સૂચનાઓ કાઢી શકશે.

૨

પ્રાદેશિક ભાષાઓ

૩૪૫. કલમ ૩૪૬ તથા ૩૪૭માં જણાવેલી બાબતોની મર્યાદામાં રહીને, કોઈ રાજ્ય (કે પ્રાંત), કાયદો કરીને, પોતાની હદમાં વપરાતી કોઈ એક કે વધુ ભાષાને અથવા હિંદીને, તે રાજ્યનાં બધાં કે કોઈ સરકારી કામકાજને માટે વાપરવાની એક ભાષા કે ભાષાઓ તરીકે સ્વીકારી શકશે.

અહીં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, રાજ્યની ધારાસભા કાયદો કરીને બીજું ન કરે ત્યાં સુધી, આ બંધારણના પ્રારંભકાળે તે રાજ્યમાં જે સરકારી કામકાજને માટે અંગ્રેજી ભાષા વપરાતી હોય, તે બધાંને માટે તે વાપરવાનું ચાલુ રહેશે.

૩૪૬. એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચેના અને એક રાજ્ય અને સંઘ વચ્ચેના વહેવારને માટેની સરકારી ભાષા, સંઘમાં સરકારી કામકાજને માટે તે તે વખતે જે ભાષા વાપરવાનું સત્તાવાર નક્કી થયું હોય, તે ભાષા રહેશે.

અહીં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો બે કે વધુ રાજ્યો પોતાની વચ્ચેના વહેવારને માટેની સરકારી ભાષા હિંદી હોવી જોઈએ એમ સ્વીકારે, તો એ વહેવારને માટે તે ભાષા વાપરી શકાશે.

૩૪૭. કોઈ રાજ્યની વસ્તીનો ઠીક ઠીક ભાગ પોતે જે ભાષા વાપરતો હોય તેનો ઉપયોગ કરવા દેવા માટે માગણી કરે, અને રાષ્ટ્રપતિને એમ સંતોષ થાય કે તે રાજ્યની વસ્તીના ઠીક ઠીક ભાગના લોકો એમની ભાષાને રાજ્ય માન્ય કરે એમ ઇચ્છે છે, તો રાષ્ટ્રપતિ એવી આજ્ઞા કરી શકશે કે, તે ભાષાને પણ આખા રાજ્યમાં અથવા તો એના અમુક ભાગમાં, રાષ્ટ્રપતિ તેમની આજ્ઞામાં જે કામને માટે જણાવે તેને માટે, રાજ્યે સત્તાવાર માન્ય કરવી જોઈશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સર્વોપરી કોર્ટ તથા હાઈકોર્ટ વગેરેની ભાષા

૩૪૮. (૧) બંધારણના આ ખંડની ઉપરની કલમોમાં ગમે તે આવતું હોય તેમ છતાં, જ્યાં સુધી રાષ્ટ્રસભા કાયદો કરીને બીજું ન કરે ત્યાં સુધી —

(ક) સર્વોપરી કોર્ટની અને દરેક હાઈકોર્ટની કાર્યવાહી,

(ખ) (૧) રાષ્ટ્રસભાની કોઈ પણ શાખામાં (એટલે કે લોકસભા કે રાજ્યસભામાં) અથવા તો કોઈ રાજ્યની ધારાસભામાં કે તેની કોઈ પણ શાખામાં (એટલે કે તેની ઉપલી કે નીચલી ધારાસભામાં) દાખલ કરવાના બધા કાયદાઓ કે તે પરના સુધારાઓ,

(૨) રાષ્ટ્રસભા અથવા રાજ્યની ધારાસભા કાયદાઓ કરે તે બધા કાયદાઓ અને રાષ્ટ્રપતિ કે રાજ્યનો (પ્રાંતનો) ગવર્નર (રાજ્યપાલ) કે (દેશી રાજ્યનો) રાજપ્રમુખ પોતપોતાના જે તે વટહુકમો કાઢે તે બધા વટહુકમો,

(૩) આ બંધારણ તળે અથવા તો રાષ્ટ્રસભાએ કે કોઈ પણ રાજ્યની ધારાસભાએ કરેલા કોઈ પણ કાયદા તળે કાઢવામાં આવેલા હુકમો, નિયમો, નિયમનો (રેગ્યુલેશન) અને પેટા કાયદાઓ (બાઇલૉ) — આ બધાનો સત્તાવાર પાઠ અંગ્રેજી ભાષામાં હોવો જોઈશે.

(૨) આ કલમની પેટાકલમ (૧) ના પેટાભાગ (ક) માં એવું કંઈ નથી કે જે નીચેની બાબતમાં કોઈ પણ રાજ્યને પ્રતિબંધ કરી શકે —

રાષ્ટ્રપતિની સંમતિ લઈને, કોઈ રાજ્ય હિંદીને કે તે રાજ્યમાં સરકારી કામકાજને માટે માન્ય કરેલી બીજી કોઈ ભાષાને પોતાની હાઈકોર્ટની કાર્યવાહીમાં, ચુકાદા, ડિક્રીઓ તથા હુકમનામાંની બાબતો છોડીને, બાકીની કાર્યવાહીને માટે વાપરવાનું ફરમાવી શકશે.

(૩) આ કલમની પેટાકલમ (૧) ના પેટાભાગ (ખ) માં ગમે તે આવતું હોય તેમ છતાં, કોઈ રાજ્યની ધારાસભાએ તેનાં બિલ, કાયદા, વટહુકમો, અને કાયદા જેવી સત્તા ધરાવતી આજ્ઞાઓ કે હુકમો, અને સદરહુ પેટાભાગમાં કહેલા નિયમો — એ બધાને માટે અંગ્રેજીથી બીજી કોઈ ભાષા વાપરવાની આજ્ઞા કાઢી હોય, તો ગવર્નર કે રાજપ્રમુખે પ્રમાણિત કર્યું હોય એવું એનું અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કરવું જોઈશે અને તેને આ કલમ તળે સત્તાવાર અંગ્રેજી પાઠ ગણવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪૯. આ બંધારણના પ્રારંભથી પંદર વર્ષની મુદત દરમ્યાન, રાષ્ટ્રસભાની કોઈ પણ શાખામાં, રાષ્ટ્રપતિની પહેલેથી મળેલી પરવાનગી વગર, કલમ ૩૪૮ની પેટાકલમ (૧) માં જણાવેલી કોઈ પણ બાબતને માટે વાપરવાની ભાષાને સારુ જોગવાઈ કરતું કોઈ પણ બિલ કે સુધારો લાવી કે મૂકી શકાશે નહીં;

અને રાષ્ટ્રપતિ આ બંધારણની કલમ ૩૪૪ મુજબ રચાયેલા કમિશનની ભલામણો અને સદરહુ કલમમાં કહેલી સમિતિનો (તે અંગેનો) રિપોર્ટ — તે ઉપર વિચાર કરી લેશે; તે સિવાય એવા કોઈ બિલને લાવવાની કે એવા કોઈ સુધારાને મૂકવાની પરવાનગી તે આપશે નહીં.

૪

ખાસ આજ્ઞાઓ

૩૫૦. કોઈ પણ માણસ કોઈ પણ ફરિયાદની દાદ મેળવવાને માટે સંઘ કે રાજ્યના કોઈ પણ અમલદાર કે અધિકારીને, સંઘ કે રાજ્યમાં વપરાતી જે તે ભાષાઓમાંથી કોઈ પણ ભાષામાં અરજી રજૂ કરવાને હકદાર રહેશે.

૩૫૦A દરેક રાજ્ય અને તેની અંદરની દરેક સ્થાનિક સત્તાનો એવો પ્રયત્ન હોવો જોઈશે કે, તે પોતાની અંદર વસતી ભાષાકીય લઘુમતીઓનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ તેમની માતૃભાષામાં આપવાને માટે પૂરતી સગવડો આપશે; અને આવી સગવડો મેળવી આપવા સારુ, રાષ્ટ્રપતિને જેવી સૂચનાઓ આપવી જરૂરી કે યોગ્ય લાગે, તેવી સૂચનાઓ તે કોઈ પણ રાજ્યને આપશે.

૩૫૦B (૧) ભાષાકીય લઘુમતીઓને માટે એક ખાસ અમલદાર રહેશે કે જેની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે.

(૨) આવા ખાસ અમલદારની એવી ફરજ રહેશે કે, ભાષાકીય લઘુમતીઓને માટે આ બંધારણમાં જે સલામતીઓની જોગવાઈ કરવામાં આવી છે, તે સંબંધી હરકોઈ બાબતની તપાસ કરવી, અને રાષ્ટ્રપતિ તેને ફરમાવે તે મુજબના સમયને આંતરે, તેણે તેમને એ બાબતોનો રિપોર્ટ કરવો; તથા રાષ્ટ્રપતિ આવા બધા રિપોર્ટો રાષ્ટ્રસભા કે પાર્લમેન્ટના દરેક ગૃહ કે શાખા (એટલે કે, લોકસભા તથા રાજ્યસભા) આગળ મુકાવશે અને જે રાજ્ય સરકારને તે લાગતાવળગતા હશે તેમને પણ તે મોકલાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫૧. સંધની એ ફરજ રહેશે કે, તે હિન્દીના પ્રચારને આગળ વધારે; અને તે ભાષાનો એવો વિકાસ કરે કે જેથી હિંદની એકસમાસરૂપ એવી જે સંસ્કૃતિ તેનાં બધાં તત્ત્વોને વ્યક્ત કરવાના વાહન તરીકે તે કામ દઈ શકે; અને તેના મૂળ કાઠામાં દખલ દીધા વિના, હિંદુસ્તાનીમાં અને ભારતની બીજી ભાષાઓમાં વપરાતી લઢણો, શૈલી તથા પ્રયોગો અપનાવીને તથા જ્યાં જ્યાં આવશ્યક કે ઇષ્ટ લાગે ત્યાં બધે પોતાના શબ્દભંડોળને માટે મુખ્યત્વે સંસ્કૃતમાંથી અને ગૌણપણે બીજી ભાષાઓમાંથી શબ્દો લઈને, તેની (હિંદીની) સમૃદ્ધિ સાધે.

૩

હિંદુસ્તાની પ્રચાર સભાનો ઠરાવ

(તા. ૧૬–૧૦–'૪૯ની બેઠકમાં આ ઠરાવ થયો હતો.)

"હિંદુસ્તાની પ્રચાર સભા, વર્ધા, કી યહ બૈઠક વિધાનસભાકે સરકારી ભાષાકે બારેકે ઠહરાવ પર હર પહલૂસે વિચાર કરનેકે બાદ, અપની યહ પક્કી રાય પ્રગટ કરતી હૈ કિ, ભાષાકે મામલેમેં મહાત્મા ગાંધીકી સલાહ હી દેશકે હિતમેં સબસે અચ્છી સલાહ થી ઔર હૈ; ઔર યહ ભી જાહિર કરતી હૈ કિ, ઇસ સભાકે ઉદ્દેશ, નીતિ યા કામમેં કિસી તરહકા ફર્ક કરનેકી જરૂરત નહીં હૈ. હિંદુસ્તાનીકે પ્રચારમેં હિન્દીકી સેવા ઔર નાગરી લિપિકા પ્રચાર આ હી જાતે હૈં.

"સભાકો ભરોસા હૈ કિ, જબ કભી રાજભાષાકે તૌર પર હિન્દી ચલાયી જાયગી, તબ ઉસકા સ્વરૂપ હિન્દુસ્તાનીકે જૈસા હી રહેગા. સંતોષકી બાત હૈ કિ, વિધાનસભાને હિન્દીકો ઇસ દેશકી સરકારી ભાષા ઠહરાતે હુએ ઉસકે વિકાસકે લિયે જો આદેશ દિયા હૈ, ઉસમેં સાફ કહા હૈ કિ, ઉસ ભાષામેં ભારતકી મિલીજુલી સંસ્કૃતિકે સબ અંગોકો વ્યક્ત કરનેકી શક્તિ હોની ચાહિયે ઔર હિન્દુસ્તાની તથા ભારતકી દૂસરી સબ ભાષાઓંકે શબ્દ, રૂપ ઔર ઢંગ લેકર ઉસે સમૃદ્ધ કરના ચાહિયે.

"શુરૂસે હિન્દુસ્તાની પ્રચારકા મકસદ યહી રહા હૈ કિ, ઉત્તર ભારતકી જનતાકી ભાષાકે જો હિન્દી ઔર ઉર્દૂ અરબી રૂપ હૈં ઉનકે બીચ બઢતી હુઈ ખાઈકો પાટનેકી ભરસક કોશિશ કી જાય. ઇસી કારણ ઔર આપસી મેલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલકે લિયે ઇસ સભાને હિન્દુસ્તાનીકે સાથ નાગરી ઔર ઉર્દૂ દોનોં લિપિયોંકે સીખને પર જોર દિયા હૈ. અબ હમેં હિન્દુસ્તાનીમેં ઘુલમિલ સકેં ઐસે પ્રાન્તીય ભાષાઓંકે શબ્દ ભી લેને ચાહિયે, જિસસે સબ પ્રાંત ભી એક દૂસરેકે નજદીક આ જયેં.

"હિંદુસ્તાની પ્રચાર સભાકા ઔર હિંદુસ્તાનીસે પ્રેમ રખનેવાલી સબ સંસ્થાઓંકા ઔર સાહિત્યસેવકોંકા યહ ખાસ કર્તવ્ય હો જાતા હૈ કિ, અબ વે હિંદુસ્તાનીમેં અચ્છે-સે-અચ્છા, હર તરહકા ઐસા સાહિત્ય પૈદા કરેં, જો સારે દેશમેં આસાનીસે ચલ સકે ઔર દેશકી એકતાકો મજબૂત કરેં.

"યહ સભા દેશકે સબ લોગોંસે અપીલ કરતી હૈ કિ, આયંદા સબ મિલકર દેશી ભાષાઓંકી ઐસી સેવા કરેં કિ સભીકી રજામંદીસે અંગ્રેજીકી પન્દ્રહ સાલકી મીયાદ કમ હો સકે."

૪

ગુજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચારક સંમેલન

(૧)

૪-૧૨-'૪૯ના પહેલા અધિવેશનના ઠરાવો

ઠરાવ ૧

ભારતની બંધારણસભાએ તેની ૧૪-૯-૧૯૪૯ની બેઠકમાં રાષ્ટ્રભાષા વિષે સર્વસંમતિથી પોતાનો ઠરાવ પસાર કર્યો, તેને માટે આ સંમેલન તે સભાનું અભિનંદન કરે છે અને તેને મુબારકબાદી આપે છે.

૨. અને તે ઠરાવ ઉપર બધી રીતે વિચાર કર્યા બાદ આ સંમેલન જણાવે છે કે—

ક. તે સભાએ રાષ્ટ્રભાષાનું જે સ્વરૂપ નક્કી કર્યું છે, તે રાષ્ટ્રભાષાના આપણા આદર્શને મળતું છે; તથા

ખ. તે ભાષાનાં વિકાસ તથા સમૃદ્ધિ સાધવાને માટે બંધારણસભાએ બંધારણની કલમ ૩૫૧મીમાં જે આજ્ઞા આપી છે, તેમાં બતાવ્યું છે કે, રાષ્ટ્રભાષા કોઈ એક પ્રાંતની ભાષાથી નહીં, પણ ભારતની બધી મુખ્ય ભાષાઓના સહકારથી બનશે અને દેશની એકસમાસરૂપ સંસ્કૃતિનું વાહન બને એ રીતે તેને ખીલવવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંમેલન ઉપરની બે વસ્તુઓથી પોતાનો સંતોષ વ્યક્ત કરે છે, અને ગુજરાતમાં સૌને એ બે મુખ્ય બાબતો ધ્યાનમાં લઈને રાષ્ટ્રભાષાનું કામ કરવા આગ્રહ અને વિનંતી કરે છે. તે વિના, આપણા દેશની એકતા તથા બિનમજહબી ('સેકચુલર') રાજ્યનું ધ્યેય સાધવાં અશકય થશે.

૩. પરંતુ આ સંમેલનને લાગે છે કે, તે ભાષાનું નામ 'હિંદી' રાખ્યું તેને બદલે 'હિંદુસ્તાની' વધારે યોગ્ય અને બંધબેસતું થાત; કેમ કે તેનું જે સ્વરૂપ બંધારણસભાએ માન્ય રાખ્યું છે, તેનો સાચો વાચક શબ્દ 'હિંદુસ્તાની' છે. બંધારણસભાએ પોતાના સદરહુ ઠરાવમાં 'હિંદુસ્તાની' નામને પણ સ્થાન આપ્યું છે, તેની આ સભા નોંધ લે છે; અને 'હિંદી' નામને વાપરવામાં વાંધો નથી એમ જણાવે છે.

૪. બંધારણસભાએ બીજો મહત્ત્વનો ફેરફાર કર્યો છે તે લિપિને અંગે છે. તેણે ઠરાવ્યું છે કે, રાષ્ટ્રભાષા માટે નાગરી લિપિ રહેશે. આ સંમેલન એને માન્ય રાખે છે; અને તેને ધ્યાનમાં રાખીને હવે પછીનું કામકાજ ગોઠવાય એ ઇષ્ટ છે, એમ માને છે. તેની સાથે એ સંબંધમાં એક ચોખ્ખી હકીકત તરફ પણ સૌનું ધ્યાન ખેંચવા માગે છે કે, જે ભાષાને રાષ્ટ્રભાષા તરીકે ખીલવવી છે, તે ભાષા આજે નાગરી ઉપરાંત ફારસી કે ઉર્દૂ લિપિમાં પણ લખાય તથા વંચાય છે. આ હકીકતને ગાંધીજીએ હમેશ દેશની સામે રાખી છે અને તે એટલા માટે કે, તે વગર દેશની સમગ્ર જનતાને ફાવે એવી અને સર્વગ્રાહી ભાષા ખીલવી શકાય એમ નથી. આ સંમેલન એ બાબત તરફ સૌનું ધ્યાન ખેંચવા માગે છે. નહીં તો પૂરી બીક રહે છે કે, રાષ્ટ્રભાષા સર્વગ્રાહી અને વિશાળ કરવાનો ઇરાદો સેવાય છે, તે સફળ થઈ શકશે નહીં.

ઉર્દૂ લિપિની જરૂર વિષેની આવી વિશાળ દૃષ્ટિએ નહીં તોપણ, એક સાદા વિચારથી પણ એની જરૂર સ્પષ્ટ છે કે, જ્યાં સુધી તે લિપિનું જરૂરી બધું સાહિત્ય નાગરી લિપિમાં ન ઊતરે ત્યાં સુધી શિક્ષણકારોએ, પ્રચારકોએ તથા સાહિત્યકારોએ એના તરફ ઘટતું ધ્યાન રાખવું જોઈશે. તેથી આ સંમેલન માને છે કે, ઉર્દૂ લિપિને પણ મરજિયાત રૂપે પરીક્ષાઓમાં સ્થાન આપવું જરૂરનું છે.

૫. રાષ્ટ્રભાષાપ્રચારનું કામ આજે જે કક્ષાએ પહોંચ્યું છે તે જોતાં, આ સંમેલન માને છે કે, હવે પછી દેશનું મુખ્ય કામ રાષ્ટ્રભાષાનું સ્વરૂપ યોગ્ય રીતે ખીલવવામાં આવે, એ જોવાનું છે. તેથી કરીને, શિક્ષણમાં તથા પ્રકાશનકાર્ય પર હવે વિશેષ ધ્યાન આપવું જોઈએ, કે જેથી હિંદી નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તળે સંસ્કૃતમય ભાષાના રૂપમાં અને ઉર્દૂ નામ તળે ફારસી-અરબી-મય ભાષાના રૂપમાં નોખી અને અલગ એવી બે શૈલીઓ બની જઈને તેમની વચ્ચે જે અંતર પડી ગયું છે તે દૂર થાય, અને બંનેના મેળરૂપ એવી સાદીસીધી જે રાષ્ટ્રભાષા છે તે આગળ આવે.

૬. એટલે, આ સંમેલન ગુજરાતમાં રાષ્ટ્રભાષાપ્રચારનું કામ ઉપરની નીતિથી ચલાવવા માટે સૌને આગ્રહભરી વિનંતી કરે છે અને ગૂજરાત વિદ્યાપીઠની હિંદુસ્તાની પ્રચાર સમિતિ તથા તેની પરીક્ષા સમિતિને પોતાનું કામકાજ આ ઢબે ગોઠવવા જણાવે છે.

ઠરાવ ૨

આ સંમેલન માને છે કે, દેશનું પ્રજાકીય તથા સરકારી બધું કામ રાષ્ટ્રભાષા દ્વારા અને પ્રાંતોનું બધું કામ તે તે પ્રાંતની પ્રાદેશિક ભાષા દ્વારા થવું જોઈએ. બંધારણસભાએ આ સિદ્ધાંતને માન્ય રાખ્યો છે, તેથી આ સંમેલનને આનંદ થાય છે.

અને તે પ્રમાણે મોડામાં મોડું ૧૫ વર્ષમાં થઈ શકે તેને માટે બંધારણમાં ઘટતી તજવીજ કરવામાં આવી છે, તેની આ સભા નોંધ લે છે; અને સરકારને તથા શિક્ષણસંસ્થાઓને વિનંતી કરે છે કે, તેઓ એ પ્રમાણે એવી ઝડપે કામ શરૂ કરે કે જેથી આ સિદ્ધાંતનું પાલન, બને તો ૧૫ વર્ષની અંદર પણ, કરી શકાય.

અહીંયાં એક બાબતની ચોખવટ કરવાની જરૂર છે કે, રાષ્ટ્રભાષા આંતરપ્રાંતીય વહેવારને માટે છે; તે ભાષા પ્રાંતભાષાની કોઈ રીતની હરીફ નથી. તેથી શિક્ષણમાત્રમાં, તેના માધ્યમ તરીકે, તે તે પ્રાંતની ભાષા જ હોવી જોઈએ, અને રાષ્ટ્રભાષા એક ફરજિયાત વિષય તરીકે રાખવામાં આવે, એમ આ સંમેલન માને છે.

ઠરાવ ૩

મુંબઈ સરકારે હાઈસ્કૂલોનાં ૧, ૨, ૩ ધોરણોમાંથી (અથવા નવી રીત મુજબ કહીએ તો, ૫, ૬, ૭મા વર્ગમાંથી) અંગ્રેજી કાઢી નાખી, તેને શીખવવાની શરૂઆત હાઈસ્કૂલના ૪થા (નવી રીત મુજબ ૮મા) ધોરણથી કરવાની નીતિ અખત્યાર કરી છે, તેને માટે આ સંમેલન તેને મુબારકબાદી આપે છે; અને આગ્રહભરી વિનંતી કરે છે કે, બંધારણસભાએ અંગ્રેજીને માટે ૧૫ વર્ષની લાંબી અવધિ આંકયા છતાં, તે પોતાની નક્કી કરેલી સાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિને વળગી રહે, અને સંગીન પાયા પર શિક્ષણની પુનર્ઘટના કરવાના આ સિદ્ધાંતને દૂર ન કરે. નહીં તો, જરૂરી સુધારા તરીકે દાખલ કરવામાં આવેલા હિંદી-હિંદુસ્તાનીના શિક્ષણને તેમ જ ઉદ્યોગશિક્ષણને તથા સ્વભાષાના શિક્ષણને પણ નાહક હાનિ થશે. એટલું જ નહીં, સરકારે પ્રાંતના પાયાના શિક્ષણની જે પુનર્ઘટના કરવાનું આદર્યું છે, તે બધું વ્યર્થ જશે, અને એવા પ્રકારની બિનજરૂરી પીછેહઠથી લોકોમાં નિરુત્સાહ અને નિરાશા ફેલાશે.

આ ઠરાવ પ્રમુખશ્રી સરકારને મોકલી આપે એવી વિનંતી કરવામાં આવે છે.

ઠરાવ ૪

આ સંમેલન માને છે કે, રાષ્ટ્રભાષાના અભ્યાસ ઉપરાંત દેશની પ્રાંત-ભાષાઓનો અભ્યાસ પણ પરસ્પર પ્રાંતોમાં વધવો જોઈએ. એથી કરીને પ્રાંતભાષાઓના અને રાષ્ટ્રભાષાના વિકાસને પોષણ મળશે એટલું જ નહીં, પરંતુ તે દ્વારા દેશની એકતા વધારવામાં અને ભારતની એક સંસ્કૃતિને પુષ્ટ કરવામાં મદદ મળશે.

(૨)

૧૧-૧-૧૯૫૩ના બીજા અધિવેશનના ઠરાવો

૧

મુંબઈ હિંદી શિક્ષણ સમિતિ

મુંબઈ સરકારે, ભારતના બંધારણની કલમ ૩૪૩થી ૩૫૧ ધ્યાનમાં લઈને શાળાઓમાં ધોરણ ૫ થી ૧૧ સુધી ફરજિયાત રૂપે હિંદીનું શિક્ષણ શરૂ કરવાને માટે તેનો અભ્યાસક્રમ વિચારવા સારુ પોતદાર સમિતિ નીમી હિંદીના શિક્ષણને મહત્ત્વ આપ્યું છે, તેની આ સભા કદર કરે છે અને તેને વિનંતી કરે છે કે, તે સમિતિની ભલામણો પ્રમાણે હિંદી શિક્ષણના કામને બધી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં વ્યવસ્થિત રીતે દાખલ કરાવવા માટે ઘટતી બધી જોગવાઈ કરે.

૨

કૉલેજોમાં હિંદી શિક્ષણ

આ સંમેલન માને છે કે, રાષ્ટ્રભાષા હિંદીનો અભ્યાસ કૉલેજોમાં પણ પદવી પરીક્ષા સુધી ફરજિયાત રૂપે ચાલવો જોઈએ અને તેને માટે યુનિવર્સિટી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓમાં સત્વર જોગવાઈ થવી જોઈએ. ગુજરાત યુનિવર્સિટી આ બાબતમાં વિચાર કરવા લાગી છે, તેને માટે આ સભા તેનું અભિનંદન કરે છે.

૩

અહિંદી પ્રદેશોમાં શિક્ષણનું માધ્યમ

હિંદીનો સારો અભ્યાસ કરાવવા માટે તે ભાષાને અહિંદી પ્રદેશોમાં પણ શિક્ષણના માધ્યમ તરીકે લેવા માટેનો વિચાર રજૂ થાય છે, તેને આ સભા ભૂલભરેલો અને સ્વભાષાની ઉન્નતિમાં જોખમકારક માને છે તથા ઉચ્ચ અને સંશોધન સુધીની બધી કક્ષાઓના શિક્ષણનું માધ્યમ બનવાના સ્વભાષાના સ્વાભાવિક હક ઉપર તરાપ રૂપ સમજે છે. તેથી આ સભા જાહેર કરે છે કે, હિંદીને અહિંદી પ્રદેશોમાં શિક્ષણનું માધ્યમ બનાવવું એ બરોબર નથી.

૪

સરકારી નોકરો માટે હિંદી શિક્ષણ

મુંબઈ સરકારે તેના બધા નોકરો માટે હિંદીનું અમુક જ્ઞાન ફરજિયાત કરી, તે માટે પ્રદેશની ચાર પરીક્ષાઓને નિયત કરી, તેને આ સભા આવકારે છે અને એમ કરીને હિંદી પ્રચારને ઉત્તેજન આપ્યું છે અને અનુકૂળ વાતાવરણ પ્રજામાં પેદા કર્યું છે, તે માટે આ સભા તેને ધન્યવાદ આપે છે; અને તે નીતિને ચાલુ રાખવા ભલામણ કરે છે. તેવી જ રીતે બધી શિક્ષણ સંસ્થાઓમાં પણ શિક્ષકોને માટે કરવામાં આવે તો સારું એમ આ સભા માને છે.

૫

અહિંદી પ્રદેશોમાં હિંદી પ્રચારની નીતિ

દેશનું સ્વરાજ સ્થપાયા પછી જે સંજોગો પેદા થયા છે તે જોતાં તથા બંધારણની કલમ ૩૫૧માં રાષ્ટ્રભાષાને માટે જે સ્વરૂપ આંકવામાં આવ્યું છે તે ધ્યાનમાં લેતાં, આ સંમેલન માને છે કે, રાષ્ટ્રભાષાની ખિલવણી અને તેનું પ્રચારકામ તથા શિક્ષણ કોઈ પણ જાતના પ્રાંતવાદ કે કોમવાદથી પર હોવું જોઈએ, અને બીજી દેશી ભાષાના કોઈ પણ યોગ્ય હકને જોખમરૂપ ન બનવું જોઈએ, પરંતુ અરસપરસ પૂરક અને પોષક બને એ ઢબે થવું જોઈએ; કેમ કે તે વગર હિંદની એકસમાસરૂપ એવી જે સંસ્કૃતિ, તેનાં બધાં તત્ત્વોને વ્યક્ત કરવાનું સાધન રાષ્ટ્રભાષા બની શકે નહીં તથા બધા પ્રદેશના વિવિધભાષી લોકો તેમાં પૂરતી મમતા કેળવી ન શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી કરીને આ સંમેલન એ વસ્તુ જરૂરી સમજે છે કે, દરેક અહિંદી પ્રદેશે પોતાના પ્રદેશનું હિંદી પ્રચારનું કામ પોતે ઉપાડવું જોઈએ અને તેમાંથી હિંદીભાષી પ્રદેશની સંસ્થાઓએ હવે હઠી જવું જોઈએ. એમ જો નહીં થાય તો હિંદી અને અહિંદી પ્રદેશોમાં નાહકની ગેરસમજ ઊભી થશે, કે જેનું પરિણામ હિંદી પ્રચાર પર ખરાબ થશે.

આથી આ સંમેલન એવા અભિપ્રાયનું છે કે, હિંદી સાહિત્ય સંમેલને પોતાની વર્ધા સમિતિ દ્વારા અહિંદી પ્રાંતોમાં પ્રચાર કરવાના કામનો સમય હવે પૂરો થાય છે એમ સમજી, તે હવે નજરી ન રાખતાં, હિંદી પ્રદેશમાં રાષ્ટ્રભાષા હિંદીની ભાવના ફેલાવી ત્યાં કામ કરવું જોઈએ. તે દ્વારા એ દેશના અન્ય ભાગોમાં હિંદી પ્રચારની પણ ઉપકારક સેવા કરી શકશે.

૬

શિક્ષણમાં અંગ્રેજીનું સ્થાન

મુંબઈ સરકારે ધોરણ ૫, ૬, ૭ માંથી અંગ્રેજી કાઢી નાંખી તે શીખવવાની શરૂઆત ધોરણ ૮ થી કરવાનો સિદ્ધાંત જાહેર કર્યો હતો. તેના પાલનમાં ગયે વરસે ઐચ્છિક અંગ્રેજીને નામે છૂટ લેવાઈ છે, તેને આ સભા નાપસંદ કરે છે. અને તેથી આગળ જઈને હવે તેને ધોરણ ૫, ૬માં દાખલ કરવાની તથા એસ. એસ. સી. માં અંગ્રેજીના વિકલ્પને દૂર કરવાની સૂચના આવી છે, એ કોઈ રીતે આવકારને પાત્ર નથી. આમ થાય તો હિંદીના શિક્ષણને ધોકો પહોંચશે એટલું જ નહીં, શિક્ષણની દૃષ્ટિએ પણ ત્રીજી ભાષા અંગ્રેજીનો બોજો પ્રાથમિક સાત ધોરણમાં પડવાથી તેનું બીજું કામ પણ બગડશે અને પાયાની કેળવણી જેવી વસ્તુ જ નાશ પામશે. આથી આ સભા સરકારને ભલામણ કરે છે કે, તેણે જાહેર કરેલી નીતિને જ તે વળગી રહે અને સાતમા ધોરણમાંથી ઐચ્છિક અંગ્રેજીને પણ દૂર કરે, જેથી રાષ્ટ્રના ફરજિયાત શિક્ષણનાં પ્રાથમિક સાત વરસ વ્યવસ્થિત અને યોગ્ય રૂપ પકડી શકે અને તેમાં અંગ્રેજીને લઈને જે હાનિ થયા જ કરી છે તે મટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

સુમેળ ન સધાય?

ગૂજરાત વિદ્યાપીઠ તરફથી લેવાતી હિંદી-હિંદુસ્તાનીની પરીક્ષાઓમાં ઈ. સ. ૧૯૫૦ ના વરસથી ફેરફાર કર્યો છે. એ ફેરફાર એવો છે કે, તેને લઈને તે પરીક્ષાઓ દ્વારા ઉર્દૂ નાગરી બંને લિપિ દ્વારા કે એકલી નાગરી લિપિ દ્વારા રાષ્ટ્રભાષા હિંદીનો અભ્યાસ કરવા માગે, એવા બંને પ્રકારના ઉમેદવારોને તે પરીક્ષાઓથી સવડ મળે છે. એટલે કે, હિંદી સાહિત્ય સંમેલન પેઠે નાગરીમાં કે હિંદુસ્તાની પ્રચાર સભા પેઠે નાગરી-ઉર્દૂ બંનેમાં પરીક્ષા આપવાની સવડ આ પરીક્ષાઓ આપે છે.

ઉપરના ફેરફાર ઉપરથી હિંદી સાહિત્ય સંમેલનની વર્ધા સમિતિ તરફથી કામ કરનારા એક ભાઈએ મને નીચે પ્રમાણે પત્ર લખ્યો છે —

"રાષ્ટ્રભાષા અંગે બંધારણસભાના નિર્ણય પછી મને લાગે છે, હવે કંઈ વિશેષ મતભેદ પ્રચાર અંગે રહેતો નથી. આપની હિંદુસ્તાની પ્રચાર સભાએ હવે ઉર્દૂ લિપિને વિકલ્પમાં મૂકી છે અને રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધા, ની પરિચય અને કોવિદ પરીક્ષામાં ઉર્દૂનું પેપર વધારામાં લઈ શકાય તેવી નોંધવાઈ છે જ. આનો અર્થ એ થયો કે, આજે હિંદુસ્તાની પ્રચાર સભા અને રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ સમાન ભૂમિકા ઉપર આવીને ઊભાં છે. હવે બંનેમાં સહકાર અને સહયોગની પૂરી શક્યતા છે. જો તેવું થાય તો આજે પ્રજાને પરીક્ષાઓ આપવા અંગે નિર્ણય કરવામાં જે ગૂંચવાડો થાય છે તે ટળી જાય અને રાષ્ટ્રભાષા-પ્રચારનું કામ પણ બેવડા જોરથી ચાલે."

અને એમ જણાવી તે બે સંસ્થાઓ વચ્ચે સુમેળ સાધવાનું સૂચવે છે. તેના જવાબમાં મેં તેમનું લખ્યું કે,

"તમારો તા. ૧૩-૩-'૫૦ નો પત્ર મળ્યો. તમે લખો છો એમ થઈ શકે તો કેવું સારું? તમારી પાસે કોઈ સૂચના છે? તમે લખો જ છો તો કહું કે, હિંદી સાહિત્ય સંમેલનની અને હિંદુસ્તાની પ્રચાર સભાની ભૂમિકા સમાન છે એમ મને લાગતું નથી. અને સંમેલન બંધારણસભાના ઠરાવનું હાર્દ સ્વીકારે છે કે કેમ એ પણ સવાલ લાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પણ હું તો આખી વસ્તુ હવે નવી જ દૃષ્ટિથી જોઉં છું, એ તમે કયાંક મારા વક્તવ્ય કે લેખમાંથી ન જોયું હોય તો, જેમ કે, 'શિક્ષણ અને સાહિત્ય' આ પહેલી તારીખે (મે, '૫૦ નો અંક) બહાર પડે છે, તેમાં જોશો.

"હું તો ઇચ્છું જ છું કે, ગુજરાતનું કામ હવે ઝઘડામાં ન રહેવું ઘટે. તમે કાંઈ સૂચવવા ઇચ્છો તો જરૂર લખશો."

આનો જવાબ હજી સુધી મને કાંઈ મળ્યો નથી. બે સંસ્થાઓની ભૂમિકા જો એક હોત તો ૧૯૪૨ બાદ ગાંધીજી નવી સંસ્થા જ ન કાઢત, અને હિંદી સાહિત્ય સંમેલન, કે જેને ઉછેરવામાં તેમણે મોટો ભાગ ભજવ્યો, એનો ત્યાગ તો એ ન જ કરત. ત્યારના ભેદો સાંસ્કૃતિક અને કોમી હતા, તે આજે સ્વરાજ આવતાં રાજદ્વારી અને આંતરપ્રાતીય તથા શિક્ષણીય પણ બનીને જટિલ થઈ ગયા છે. એ બધામાં એક દૃષ્ટિ ન હોય તો રાષ્ટ્રભાષા પ્રચાર દ્વારા જે રાષ્ટ્રીય એકતા અને સંપ તથા સંસ્કૃતિ પેદા કરવાં છે, તે ન બની શકે.

૨૭-૪-'૫૦

તા. ક.

ઉપરની નોંધ એપ્રિલમાં લખેલી. તે પછી કેટલીક જાણીતી વ્યક્તિઓ સાથે ચર્ચા થઈ. મેં ઉપર બતાવેલો ભેદ તેમના મતમાં છે જ. હિંદી સાહિત્ય સંમેલનમાં કામ કરતા તેઓ એમ માને છે કે, બંધારણસભાએ તેઓ જે પહેલેથી કામ કરતા આવ્યા છે તેને જ હિંદી કહ્યું છે! તેઓ ઉર્દૂની સારી પેઠે નફરત રાખતા લાગે છે. ઉર્દૂને તો હિંદી સંમેલને પણ હિંદીના અંગમાં ગણ્યા છતાં આમ છે, તો બંધારણસભાની એથીય વધારે વ્યાપક અને ઉદાર નીતિને તે કેમ સ્વીકારે? ખરું જોતાં, હિંદી સંમેલને આજે પોતાના પ્રાંતમાં જ કામ કરવાનો વખત આવ્યો છે. તે જો પોતાનું ઘર સંભાળે તો જ પોતાની અને તેમાંથી રાષ્ટ્રભાષાની સારી જે વધુ સેવા કરી શકશે. હિંદી અને ઉર્દૂ તેમની ભાષા છે; તેને આમપ્રજા યોગ્ય સરળ કરે અને લોકમાં તેને ચાલતી 'ખડી' બોલી કરે, તો તેઓ જે દેશ ઝઘડામાંથી બચી શકે. એને બદલે તે જો પોતાના પ્રાંતના વિશેષ સવાલો જે ઝઘડાને લઈને, દેશની ભાષામાં તે નાખશે, તો બાવાનાં બંને બગડશે અને અંગ્રેજી ફાવશે.

૨૪-૮-'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ નોંધ

સાત વર્ષ પર આની ભીતિ વ્યક્ત કરી હતી, તે આજે સાચી પડી છે, એમ કહી શકાય. ઉત્તર પ્રદેશની સરકાર ઉર્દૂને પોતાની બીજી રાજભાષા તરીકે માન્ય કરતી નથી. તે સામે ત્યાંના લોકોએ, લાખોની સહીથી, બંધારણની કલમ ૩૪૫ મુજબ, રાષ્ટ્રપતિને અરજી કરી છે. આ અરજીનો નિકાલ થઈ શકતો નથી. અને સામી બાજુએથી ઉત્તર પ્રદેશમાં કેવળ હિંદી જ રાખો, એ માટે જબરદસ્તી — સત્યાગ્રહ નામે! — થઈ રહી છે.

બીજી બાજુ જોઈએ તો, આની અસર અહિંદીભાષી પ્રદેશો પર ખરાબ પડે છે. હિંદીનો જ ઇન્કાર થવા લાગ્યો છે અને તેમાં રાજકારણી હેતુઓ પણ પેસવા લાગ્યા છે. પરિણામે, અંગ્રેજી જ ચાલુ રાખો એટલું જ નહીં, પંદર વર્ષથી આખા દેશમાં સરખી રીતે તે શીખવો, એવી વાત વડી સરકારના શિક્ષણ પ્રધાને ચાલુ કરી છે અને વડા પ્રધાને તેને આશીર્વાદ આપ્યા છે. આ ભયંકર ચાળો બંધારણની હિંદી પ્રચારની આજ્ઞાને ચોળી નાંખશે એ ઉઘાડું છે.

આમ, બંધારણથી જ્યાં પંદર વર્ષથી હિંદી ફરજિયાત દાખલ કરવું ઘટે, ત્યાં આજે તો વડી સરકાર (અને તેય કૉંગ્રેસી પાછી!) અંગ્રેજી દાખલ કરાવવા મથે છે! આ સાવ અવળી ગંગા વહેવાનું કારણ ઉત્તરના હિંદીભાષી પ્રદેશની સંકુચિતતા, કોમવાદી દૃષ્ટિ, તથા પોતાની ભાષાને દેશ આખા ઉપર મઢી દેવાની ટૂંકી ભાષાવાદી ઉતાવળ — એ જ છે. હિંદમાં અત્યારે ભાષાવાદ જાગ્યો છે એમ કહેવાય છે. તે ખરું હોય તો આ હિંદી ભાષાવાદને તો જરૂર લાગુ પડે છે, જેને લઈને હિંદની એકતા માટે રાષ્ટ્રે વિચારેલી આંતરભાષાનું સાધન જ નામૂદ થશે કે શું, એવી ભીતિ જાગી છે.

અને સામેથી સરકારે અંગ્રેજી-પ્રચારનો ઝંડો ઉઠાવ્યો છે, એ બંધારણથી વિરુદ્ધ છે એટલું જ નહીં, તે એક વર્ગવાદી ચળવળ છે, એ સમજી લેવા જેવું છે. આજે આ વસ્તુ ભાષાવાદની અંગ્રેજી આવૃત્તિ કહેવાય. માત્ર એક ટકાને આવડતી-ન-આવડતી એવી ભાષાને જો આંતરભાષા તરીકે રાખવાનું બીજું જવાહરલાલ-સરકાર ઝડપે, તો તે ન્યૂની અંગ્રેજી રાજ્ય વેળા ચાલતી વાત નથી રહેતી; તે એક ગંભીર અરાષ્ટ્રીય વસ્તુ બને છે. યુ૦ પી૦ના હિંદીવાદ જેવી જ ખતરનાક આ છે. સરકારે અને સમગ્ર દેશની અ-હિંદીભાષી પ્રજાએ પણ ઉત્તરની હિંદીભાષી વસ્તીને કહેવું જોઈએ કે, ઉર્દૂને બીજી ભાષા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે સરકાર-માન્ય કરવી એ તમારી બંધારણીય ફરજ છે, નહીં તો દેશમાં ભંગાણ પડશે, કે જે એટલે જ નહીં અટકે.

દેશની સરકારો અને પ્રજાનાયકો આગળ આ એક મોટો સવાલ આવે છે. કોમવાદ અને પ્રદેશવાદ છોડી સાચો રાષ્ટ્રવાદ ધારણ કર્યા વગર એ ઊકલશે નહીં. ગાંધીજીએ વરસોથી કહેલું તેમ, હિંદી પ્રચાર દેશની એકતાની કસોટી રૂપ આજે ઠર્યો છે. ઉત્તર હિંદે એ બાબતમાં ૧૯૪૨ માં ગાંધીજીને નકારો આપેલો. એનું પ્રાયશ્ચિત્ત એ કરીને દેશને ઉગારશે?

આ બાબતમાં ગાંધીજીનો એક ૧૯૪૭માં લખેલા લેખ 'સાવધાન!' પણ જોવા જેવો છે, તે આ ચોપડીના આદિ-વચન તરીકે આપવામાં આવ્યો છે.

૧૩–૫–'૫૭

૬

મુંબઈ સરકારની હિંદી શિક્ષણ સમિતિનો રિપોર્ટ—સને ૧૯૫૧

૧

મુંબઈ સરકારે તેની હિંદી શિક્ષણ સમિતિની નિમણૂક ૧૯૫૦ના મે માસમાં કરી હતી અને તેને નીચે મુજબનું કામ સોંપ્યું હતું—

૧. ધોરણ ૫ થી ૧૧ સુધીનાં વરસોમાં હિંદીનું શિક્ષણ ફરજિયાત દાખલ કરવાને માટે અભ્યાસક્રમ નક્કી કરી આપવો, અને એનો તરત અમલ કરવાને માટે જે જોગવાઈ કરવાની હોય તે વિચારીને સૂચવવી.

૨. એ ધોરણો માટે પાઠ્યપુસ્તકોની પસંદગી અને જરૂર હોય તો રચના કરવા શું કરવું?

૩. હિંદી શીખવવા માટે શિક્ષકો તૈયાર કરવા શું કરવું? તેમને માટે તથા અધ્યાપન મંદિરો માટે અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો વિચારીને રજૂ કરવાં.

ઉપરનું કામ સમિતિએ હિંદના બંધારણની ૩૪૩ થી ૩૫૧મી કલમને ધ્યાનમાં રાખીને કરવાનું છે, એમ જણાવ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

આ વિષે તે સમિતિએ જે ભલામણો સરકારને કરી છે, તેનો સાર નીચે પ્રમાણે છે:

૧. હિંદના રાજ્યબંધારણમાં રાજભાષા તરીકે હિંદી સ્વીકારી છે, તે હિંદી ભાષા યુ૦ પી૦ની પ્રાદેશિક ભાષા જે હિંદી કહેવાય છે તે નથી.

૨. બંધારણના ૮મા પરિશિષ્ટમાં કહેલી હિંદી અને તેની ૩૪૩–૩૫૧ કલમોમાં કહેલી હિંદી એક ન હોઈ શકે. પરિશિષ્ટમાં કહેલી હિંદી પ્રાદેશિક હિંદી છે; સદરહુ કલમોમાં કહેલી હિંદી જેને રાષ્ટ્રભાષા કે સંઘની રાજભાષા કહેવાય છે તે સર્વસામાન્ય હિંદી છે.

૩. રાજભાષા હિંદીને સમૃદ્ધ કરવા સારુ હિંદુસ્તાની એક સાધન છે એમ બંધારણ કહે છે. ૮મા પરિશિષ્ટમાં હિંદી સાથે ઉર્દૂને પણ તેવા એક સાધન તરીકે કહી છે; ત્યાં હિંદી એટલે 'ઠેઠ હિંદી' કહેવાતી ને ઉર્દૂ એટલે 'ઠેઠ ઉર્દૂ' કહેવાતી પ્રાદેશિક શૈલીઓ છે.

૪. બંધારણ દેવનાગરીને લિપિ તરીકે માને છે; તેથી શાળાઓમાં તે લિપિથી શિક્ષણ ચાલે.

ઉપરાંત ૩૫૧મી કલમમાં કહેલી ફરજ બજાવવામાં ઉર્દૂ લિપિમાં પ્રગટ થયેલું કોઈ સાહિત્ય ખપ લાગે, તો તેને નાગરી લિપિમાં ઉતારવું જોઈએ.

ઐચ્છિક કે મરજિયાત ઢબે ઉર્દૂ લિપિનું વિશેષ શિક્ષણ કરવામાં આવે તેને ઉત્તેજન આપવું.

૬. પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં બધે ધો. ૫ થી ૧૧ સુધી હિંદી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું. તેમ જ પ્રાથમિક અધ્યાપન મંદિરો તથા બી. ટી. કોલેજોમાં પણ હિંદી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું જોઈએ.

૭. ધો. ૩, ૪માં કેવળ નાગરી લિપિ જ શીખવવો; ત્યાં ભાષા તરીકે હિંદી દાખલ ન જ કરવી.

૮. હિંદી શિક્ષક તૈયાર કરવા માટે બે પરીક્ષા રાખવી—

૧. પ્રાથમિક હિંદી શિક્ષક સનદ,

૨. માધ્યમિક હિંદી શિક્ષક સનદ.

પહેલી પરીક્ષા પાસ કરનાર ધો. ૫ થી ૭માં શીખવી શકે; અને બીજી પરીક્ષાવાળા ધો. ૮ થી ૧૧.

તેમને માટે વ્યવસ્થિત હિંદી શિક્ષક વિદ્યાલયો યોજવાં. પહેલી પરીક્ષા વરસમાં બે વાર લેવાય; બીજી પરીક્ષા વરસમાં એક વાર લેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તકોને મંજૂરી, વગેરે તથા હિંદી શિક્ષણને સાંગોપાંગ રાજ્યમાં ચલાવવા માટે તરત હિંદી બોર્ડની રચના કરવી. હિંદી શિક્ષણ અંગેનાં બધાં કામો સરકાર આ બોર્ડની સલાહસૂચનથી કરે.

૧૦. સરકારી નોકરોને હિંદીનું જ્ઞાન આપવા માટે શું કરવું — કઈ સંસ્થાની કઈ પરીક્ષા તે પસાર કરે એમ ફરમાવવું, એમ પૂછેલા ખાસ સવાલના જવાબમાં સમિતિએ જણાવ્યું કે, જે સંસ્થા બંધારણે વિહિત કરેલી નીતિ માનતી હોય, તેને જ માન્ય કરી શકાય. અને રાજ્યની સંસ્થા હોય તે પણ જરૂરી માનવું. એમ વિચારીને તેણે ગુજરાત વિદ્યાપીઠની વિનીત પરીક્ષા, મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા પ્રચાર સભાની ચોથી પરીક્ષા, હિન્દુસ્તાની પ્રચાર સભાની 'કાબિલ', તથા ધારવાડ, કર્ણાટકની પ્રચાર સભાની ચોથી પરીક્ષા માન્ય કરવી એવું સૂચન કર્યું.

૩

ઉપરની મુખ્ય બધી ભલામણોને સરકારે મંજૂર રાખી છે. હિંદી બોર્ડની રચના કરવાનું પણ માન્ય રાખ્યું છે અને તે અંગે હુકમ બહાર પાડવાનો વિચાર થશે.

હિંદી રિપોર્ટમાં અભ્યાસક્રમની તપસીલ વિગતે આપવામાં આવી છે, જેથી શિક્ષકો, પ્રકાશકો તથા લેખકોને મદદરૂપ થાય. હિંદીની શિક્ષણ-પદ્ધતિ વિષે પણ સમિતિએ એ દૃષ્ટિ ઉપર ભાર મૂક્યો છે કે, વિદ્યાર્થીની સ્વભાષાની તુલનામાં તેને હિંદી શીખવવી જોઈએ. આ ઢબે શિક્ષણપદ્ધતિ યોજવાનું કામ નવું છે. તે કામ શિક્ષણપદ્ધતિકારોએ ઉપાડી લેવું જોઈએ.

હિંદી ભાષાનું શિક્ષણ હવે મહત્ત્વનું કામ બને છે. તેને આપણા શિક્ષણ-તંત્રે અપનાવી લઈ ખીલવવું જોઈએ. તેમાં આ રિપોર્ટ કીમતી પહેલ કરે છે, એમ કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રભાષા વિષે વિચાર

ગાંધીજી

ગાંધીજી ઠેઠ ૧૯૦૯ની સાલથી હિંદ માટે રાષ્ટ્રભાષાની જરૂર સમજ્યા હતા અને તે ભાષા હિંદુસ્તાની જ હોય એવો એમનો વિચારપૂર્વક પાકો મત બંધાયો હતો. એમણે એ માટે છેવટ સુધી કામ કર્યું છે. આ પુસ્તકમાં આપણા દેશની રાષ્ટ્રભાષા અંગેનાં તેમનાં લખાણો અને ભાષણો સંધર્યાં છે. રાષ્ટ્રભાષાના પ્રશ્નમાં રસ ધરાવનારાઓને એ ખૂબ ઉપયોગી થશે. અત્યારે હિંદી અને અંગ્રેજી આવૃત્તિ જ મળી શકે છે.

હિં. રૂ. ૧–૮–૦ (હિંદી આવૃત્તિ) ટપાલરવાનગી ૦–૬–૦
હિં. રૂ. ૨–૦–૦ (અંગ્રેજી આવૃત્તિ) ટપાલરવાનગી ૦–૬–૦

હિંદી ગુજરાતી કોશ

સંપા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ

રાષ્ટ્રભાષાના આ કોશમાં ચાલુ વપરાશના ૩૩૦૦૦ શબ્દો તેમનાં વ્યાકરણ, વ્યુત્પત્તિ અને ગુજરાતી અર્થો સાથે આપ્યા છે. એ ઉપરાંત શબ્દ-પ્રયોગો પણ મોટી સંખ્યામાં સંધરાયા છે. હવે આંતરભાષા હિંદીનું જ્ઞાન આજના નાગરિકની એક મોટી આવશ્યકતા છે. એનો અભ્યાસ કરનાર સૌની એક મોટી આવશ્યકતા આ કોશ પૂરી પાડશે.

હિં. રૂ. ૬–૦–૦ ટપાલરવાનગી ૧–૧–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar